આચાર્ય નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવરચિત

# દ્રવ્યસંગ્રહ

(મૂળ પાઠ અને ગુજરાતી અનુવાદ)

સંકલન

નિરંજના વોરા

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ-૩૮૦ ૦૧૪

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર પ્રકાશન શ્રેણી પુ.-૨

આચાર્ય નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવરચિત

# દ્રવ્યસંગ્રહ

(મૂળ પાઠ અને ગુજરાતી અનુવાદ)

સંકલન

નિરંજના વોરા

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રકાશક :
શૈલેશ કોદરભાઈ પટેલ
કા. કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૧૯૯૮
પ્રત : ૧,૦૫૦

કિંમત : રૂ. ૨૦.૦૦

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પુરોવચન

૧૯૨૦માં મહાત્મા ગાંધી દ્વારા, રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાના રૂપમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની સાથે જ, વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં ભારતીય સંસ્કૃતિના ગહન અધ્યયનના ઉદ્દેશથી પ્રાકૃત-પાલિ વગેરે પ્રાચીન ભાષાઓ તથા જૈન-બૌદ્ધ દર્શનોના ક્ષેત્રમાં શિક્ષણ, સંશોધન, અનુવાદ વગેરેની પ્રવૃત્તિઓનો સવિશેષ આરંભ થયો, જેના વિકાસમાં મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, આચાર્ય ધર્માનંદ કોસંબી વગેરે બૌદ્ધ-જૈનવિદ્યાના પ્રખર વિદ્વાનોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. ૧૯૯૩ના એપ્રિલમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્રની સ્થાપના થઈ. અહીં જૈનદર્શનના ક્ષેત્રમાં અધ્યયન-અધ્યાપનના કાર્યનો પણ આરંભ થયો છે.

જૈન તત્ત્વચિંતનમાં આત્મા, પરમાત્મા, લોક, કર્મ વગેરે દાર્શનિક તત્ત્વો વિશે ગહન અધ્યયન અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. તે સાથે જીવ અને જગતની ઉત્પત્તિ, વિશ્વ સાથેનો મનુષ્યનો સંબંધ, પ્રકૃતિની ઘટનાઓમાં રહેલી વ્યવસ્થા વગેરે વિશે પણ તાત્ત્વિક ચિંતન કરવામાં આવ્યું છે. વિશ્વ પરમેશ્વરનું સર્જન હોવાની માન્યતાનો જૈનધર્મ સ્વીકાર કર્યો નથી. સમગ્ર વિશ્વ ભિન્ન ભિન્ન દ્રવ્યોમાંથી સર્જાયું હોવાનું જૈનદર્શન જણાવે છે. દ્રવ્યના મુખ્ય બે પ્રકાર છે: જીવ અને અજીવ. આ બંને નિત્ય, અસૃષ્ટ, સહ-અસ્તિત્વ ધરાવતા અને સ્વતંત્ર છે. અજીવના પાંચ પ્રકાર છે: પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ. વિશ્વ ગતિશીલ છે અને સ્થિર નથી; તે સતત પરિવર્તનશીલ છે. પ્રત્યેક પદાર્થ વિકાર અને ક્ષયને પાત્ર હોવા છતાં અને 'પરિવર્તન પામવા છતાં, પોતાની સત્તા જાળવી રાખે છે.

નેમિચંદ્રકૃત પ્રસ્તુત ગ્રંથ 'દ્રવ્ય સંગ્રહ'માં અત્યંત સંક્ષેપમાં જૈનદર્શન અનુસાર સૃષ્ટિના સ્વરૂપ અને ઉદ્ભવ વિશેના સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જીવ, અજીવ-પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ વિશે વ્યવહારનય અને નિશ્ચયનયના સંદર્ભમાં સૂત્રાત્મક નિદર્શન કરવામાં આવ્યું છે. પાંચ અસ્તિકાય, સાત તત્ત્વો, નવ પદાર્થો, મોક્ષમાર્ગ, પંચ પરમેષ્ઠી અને ધ્યાનના સ્વરૂપનું પણ અતિ સંક્ષેપમાં છતાં સમગ્રદર્શી આલેખન થયું છે. શૈલીની સૂત્રાત્મકતા - આ ગ્રંથની વિશિષ્ટ સિદ્ધિ છે.

આજના યુગમાં જે સામાજિક ચેતના, સહિષ્ણુતા અને સહ-અસ્તિત્વની

આવશ્યકતા છે, તેને માટે પ્રત્યેક ધર્મનું સમન્વયાત્મક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ અધ્યયન થાય એ જરૂરી છે. પ્રસ્તુત ગ્રંથ જૈનદર્શનના સૃષ્ટિના સ્વરૂપ વિશેના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સુષ્ઠુ પરિચય આપે છે.

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્રના સંયોજક ડૉ. નિરંજના વોરાએ 'દ્રવ્યસંગ્રહ'ની મૂળ પ્રાકૃત ગાથાઓ (તેના સંસ્કૃત રૂપાંતર સહિત) સાથે, તેનો ગુજરાતી અનુવાદ આપીને આ સંકલન તૈયાર કર્યું છે, તેમના આ સ્તુત્ય પ્રયાસને હું આવકારું છું. જૈનવિદ્યાના અભ્યાસીઓને તે ઉપયોગી બની રહેશે તેવી અપેક્ષા છે.

**ગોવિંદભાઈ રાવલ**
કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ

# આવકાર

ગૂજરાત વિદ્યાપીઠે જૈન અભ્યાસ કેન્દ્રની યોજના કરીને જૈન ધર્મના સિદ્ધાંતોના અધ્યયન તથા પ્રસારણ માટે એક ઉમદા મંચ પૂરો પાડ્યો છે.

આ કેન્દ્રના ઉપક્રમે જૈન વિદ્યા માટેનો એક અભ્યાસક્રમ પણ તૈયાર થયો છે, થઈ રહ્યો છે, તે એક મહત્ત્વપૂર્ણ બીના છે. આવા અભ્યાસક્રમ દ્વારા જૈન-અજૈન અનેક જિજ્ઞાસુઓને જૈન ધર્મના વિશ્વમંગલકર સિદ્ધાંતોનો પરિચય થશે અને એ રીતે તેમના તેમ જ તેઓ દ્વારા ઘણા બધા જનોના જીવનમાં અહિંસા, અભય, અનેકાંત તથા અપરિગ્રહના અજવાળાં પથરાશે.

આ અભ્યાસક્રમ-અંતર્ગત તથા પંચાસ્તિકાય; જે ગ્રંથો દિગંબર આમ્નાયને અનુસરતા છે, શૌરસેની પ્રાકૃત ભાષામાં ગાથાબદ્ધ રચાયેલા છે, અને જૈન તત્ત્વજ્ઞાનનું વિશદ તથા સુગમ પ્રતિપાદન આપે છે, તેનો સરળ-સુબોધ અનુવાદ, પૂર્વે થયેલા અનુવાદોને આધારે, કેન્દ્રના વર્તમાન નિયામક વિદુષી બહેન પ્રા. ડૉ. નિરંજનાબહેન વોરાએ કર્યો છે, અને હવે તે ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યો છે, તે ઘણા જ હર્ષની વાત ગણાય. નિરંજનાબહેનના અનુવાદો હું અક્ષરશઃ જોઈ તપાસી ગયો છું, અને મને લાગ્યું છે કે ગ્રંથોના ગહન વિષયોને વિદ્યાર્થીઓ બરાબર તથા સ્પષ્ટ સમજી શકે તે રીતે પ્રસ્તુત કરવામાં તેમણે ધારી સફળતા પ્રાપ્ત કરી છે. આવા તત્ત્વજ્ઞાનના ગ્રંથોને આટલા સરળરૂપમાં રજૂ કરવા બદલ તેઓને ઘણાં ઘણાં અભિનંદન ઘટે છે.

આશા રાખીએ કે આ બધા ગ્રંથોનો પૂરેપૂરો લાભ જિજ્ઞાસુ અભ્યાસાર્થીઓ લેશે અને તત્ત્વજ્ઞાન-પથના રસિક પથિક થવામાં તેઓ ગૌરવ અનુભવશે.

શ્રી યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ)

**શીલચન્દ્ર વિજય**
૩૦ જૂન, ૧૯૯૭

# પ્રાસ્તાવિક

જૈનદર્શન અનુસાર વિશ્વ નિત્ય છે, તે ઈશ્વર દ્વારા નિર્મિત નથી, પણ જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ અને કાળ - એ છ દ્રવ્યોમાંથી સર્જાયું છે. વિશ્વનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો આ દ્રવ્યોનાં સંઘટન - વિઘટનને કારણે જોવા મળે છે. તેમાંથી જીવ ચૈતન્ય ધરાવે છે, અને અન્ય પાંચ દ્રવ્યો ચૈતન્યરહિત હોવાને કારણે તેને અજીવ કહેવામાં આવે છે. એટલે સૃષ્ટિ મુખ્યત્વે જીવ અને અજીવ દ્રવ્યો દ્વારા રચાયેલી છે.

શ્રી નેમિચંદ્ર મુનિ દ્વારા રચિત પ્રસ્તુત ગ્રંથ દ્રવ્યસંગ્રહમાં જૈનદર્શન દ્વારા સ્વીકૃત છ દ્રવ્યોનું સૂત્રાત્મક નિરૂપણ થયું છે. તેની સાથે પાંચ અસ્તિકાય, સાત તત્ત્વો, નવ પદાર્થો, મોક્ષમાર્ગ, પાંચ પરમેષ્ઠી અને ધ્યાનનું સંક્ષેપમાં પ્રતિપાદન કર્યું છે. ગ્રંથારંભમાં જ છ દ્રવ્યોનું આલેખન હોવાથી ગ્રંથનું નામ 'દ્રવ્યસંગ્રહ' રાખવામાં આવ્યું છે, પરંતુ જૈન તત્ત્વદર્શન સંબંધિત અન્ય મહત્ત્વનાં પાસાંઓનું પણ સૂત્રાત્મક આલેખન થયું છે.

**ગ્રંથકાર :** ગ્રંથની અંતિમ ગાથા દ્વારા પ્રસ્તુત ગ્રંથના કર્તા મુનિ નેમિચંદ્ર હોવાનું જાણી શકાય છે. જૈન પરંપરામાં નેમિચંદ્ર નામના અનેક વિદ્વાન થયા હોવાનું જાણવા મળે છે. ગોમ્મટસાર, ત્રિલોકસાર, લબ્ધિસાર-ક્ષપણાસાર જેવા મહત્ત્વના ગ્રંથોના રચયિતા નેમિચંદ્ર છે, તેમને 'સિદ્ધાન્તચક્રવર્તી' ની પદવી આપવામાં આવી હતી. તેમનો સમય ઈ. ૯૭૮ લગભગ માનવામાં આવે છે. તેમના ઉપરોક્ત ગ્રંથો વિશે ઈ. ની ૧૬મી સદીમાં નેમિચંદ્ર નામના જ વિદ્વાને 'જીવતત્ત્વપ્રદીપિકા' નામની સંસ્કૃત ટીકા લખી છે.

વિદ્વાનોના મતાનુસાર દ્રવ્યસંગ્રહના કર્તા નેમિચંદ્ર ઉપરોક્ત બંને નેમિચંદ્રથી ભિન્ન છે.

ગોમ્મટસાર વગેરે ગ્રંથોના કર્તા નેમિચંદ્ર પોતાને 'સિદ્ધાન્તચક્રવર્તી' તરીકે ઓળખાવે છે, જ્યારે દ્રવ્યસંગ્રહકાર પોતાને 'તનુસૂત્રધાર' (અલ્પજ્ઞ) કહે છે. દ્રવ્યસંગ્રહ પર ટીકા લખનાર શ્રી બ્રહ્મદેવે દ્રવ્યસંગ્રહકાર માટે 'સિદ્ધાન્તિદેવા' શબ્દનો વારંવાર ઉપયોગ કર્યો છે. આ બંને નેમિચંદ્રના ગ્રંથપ્રતિપાદન, ગુરુપરંપરાનો ઉલ્લેખ જૈનદર્શનના સિદ્ધાન્ત સંબંધી માન્યતાઓ વગેરેમાં જણાતી ભિન્નતાઓ તથા સમયની દૃષ્ટિએ એકબીજાથી જુદા હોવાનું જણાય છે.

વસુનન્દિ સિદ્ધાન્તિદેવે પોતાની કૃતિ 'ઉપાસકાધ્યયન'(ગાથા ૫૪૩)માં પોતાના ગુરુ તરીકે નેમિચંદ્રનો ઉલ્લેખ કર્યો છે. આ નેમિચંદ્ર નયનન્દિના શિષ્ય હોવાનું પણ જણાયું છે. આ નેમિચંદ્ર દ્રવ્યસંગ્રહના કર્તા હોવાનું માનવામાં આવે છે. વસુનન્દિએ તેમને 'સિદ્ધાન્તિદેવ' તરીકે ઓળખાવ્યા છે, તેમ દ્રવ્યસંગ્રહના સંસ્કૃત ટીકાકાર બ્રહ્મદેવે પણ નેમિચંદ્રને સિદ્ધાન્તિદેવ તરીકે ઉલ્લેખિત કર્યા છે. અને વસુનન્દિની કેટલીક

ગાથાઓની એમણે જે રીતે વ્યાખ્યા કરી છે, તે ઉપરથી ખ્યાલ આવે છે કે વસુનન્દિના ગુરુ નેમિચંદ્રને જ તેઓ દ્રવ્યસંગ્રહના કર્તા તરીકે સ્વીકારે છે. - નયનન્દિ, નેમિચંદ્ર તથા વસુનન્દિ - એ ત્રણેની ગુરુશિષ્ય પરંપરા સિદ્ધાન્તિદેવની પદવીથી વિભૂષિત છે.

નયનન્દિ સિદ્ધાન્તિદેવના શિષ્ય અને વસુનન્દિ સિદ્ધાન્તિદેવના ગુરુ નેમિચંદ્ર આ દ્રવ્યસંગ્રહના કર્તા હોવાનું માનવામાં આવે છે.

**સમય :** નેમિચંદ્રના ગુરુ નયનન્દિએ 'સુદંસણચરિઉ' નામનો ગ્રંથ સં ૧૧૦૦ માં પૂર્ણ કર્યો હોવાનો ઉલ્લેખ છે. એટલે સંવત ૧૧૦૦માં હયાત હોવાનું માની શકાય. તેને આધારે નેમિચંદ્રનો સમય સં. ૧૧૨૫ની આસપાસનો કે બારમી સદીના પૂર્વાર્ધનો માની શકાય.

**સ્થાન :** ટીકાકાર બ્રહ્મદેવના મતાનુસાર તે સમયના માળવામાં આવેલા આશ્રમ નામના નગરમાં નેમિચંદ્રએ પોતાના ગ્રંથોની રચના કરી હતી. દિગમ્બર સાહિત્યમાં આ સ્થળનો વારંવાર ઉલ્લેખ આવે છે. તે સમયના સોમ નામના રાજશ્રેષ્ઠીના અનુરોધથી નેમિચંદ્રએ 'લઘુ દ્રવ્યસંગ્રહ' અને 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની રચના કરી હતી.

**દ્રવ્યસંગ્રહની રચના પદ્ધતિ :** દ્રવ્યસંગ્રહમાં કુલ ૫૮ ગાથાઓ છે. તેની ભાષા પ્રાકૃત છે. ગ્રંથકારે આ ગાથાઓનું વિષય અનુસાર વિભિન્ન અધિકારોમાં વિભાજન કર્યું નથી, પણ દ્રવ્યસંગ્રહના ટીકાકાર બ્રહ્મદેવે એમાં ત્રણ અધિકાર અને ત્રણે અધિકારોની અંતર્ગત આઠ અન્તરાધિકાર સૂચવ્યા છે.

પ્રથમ અધિકારમાં કુલ ૨૭ ગાથાઓ છે અને તેને ષડ્દ્રવ્ય - પંચાસ્તિકાય - પ્રતિપાદક નામ આપ્યું છે. તેમાં ત્રણ અંતરાધિકાર છે. પ્રથમ અંતરાધિકારની ચૌદ ગાથાઓમાં જીવદ્રવ્યનું નિરુપણ છે. પ્રથમ ગાથામાં મંગલાચરણ તથા ઋષભ જિનેન્દ્ર દ્વારા પ્રતિપાદિત જીવ - અજીવ એ બે મૂળ દ્રવ્યોનો નામનિર્દેશ છે. બીજી ગાથામાં જીવદ્રવ્યનું ચેતનત્ત્વ, ઉપયોગમયતા, અમૂર્તતા, કર્તૃત્વ, સ્વદેહપરિણામત્વ, ભોક્તૃત્વ, સંસારિતા, સિદ્ધત્વ અને સ્વભાવગત. ઊર્ધ્વગમનનાં લક્ષણોનું નિરુપણ છે. ત્રણથી ચૌદ ગાથાઓમાં જીવનાં આ લક્ષણોનો પરિચય આપ્યો છે. બીજા અંતરાધિકારની આઠ ગાથાઓમાં પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - એ પાંચ અજીવ દ્રવ્યોનું વર્ણન છે. ત્રીજા અંતરાધિકારમાં પાંચ ગાથાઓ છે. તેમાં પાંચ અજીવ દ્રવ્યોના અસ્તિકાય સ્વરુપનું કથન છે.

દ્વિતીય અધિકારનું નામ 'સપ્ત તત્ત્વ-નવ પદાર્થ પ્રતિપાદક' છે. તેમાં ૧૧ ગાથાઓ અને બે અંતરાધિકાર છે. પ્રથમ અંતરાધિકારમાં અટ્ઠાવીસથી સાડત્રીસમી ગાથા સુધી જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વનું સ્વરુપકથન છે.

બીજા અધિકારમાં આડત્રીસમી ગાથામાં ઉપરોક્ત સાત તત્ત્વોમાં પુણ્ય અને પાપ - એ બે તત્ત્વોને ઉમેરીને - મોક્ષમાર્ગમાં કુલ નવ તત્ત્વો હોવાનું જણાવ્યું છે અને પુણ્ય - પાપના સ્વરૂપનો નિર્દેશ કર્યો છે.

ત્રીજા અધિકારમાં વીસ ગાથાઓ છે - તેનું નામ 'મોક્ષ-માર્ગપ્રતિપાદક' છે, તેમાં

પણ બે અંતરાધિકાર છે. ઓગણચાળીસથી છેતાળીસમી ગાથા સુધીના પ્રથમ અંતરાધિકારમાં વ્યવહાર અને નિશ્ચયનય અનુસાર બંને પ્રકારના મોક્ષમાર્ગનું પ્રતિપાદન છે. સુડતાળીસથી સત્તાવન સુધીની ગાથાના બીજા અંતરાધિકારમાં ધ્યાન, ધ્યાનનું આલંબન, મંત્રજાપ, પાંચ પરમેષ્ઠીનું નિર્દેશન છે. ગ્રંથની અંતિમ - અઠ્ઠાવનમી ગાથામાં ગ્રંથના સમાપનનું સૂચન અને કર્તાની વિનમ્રતા સૂચિત થાય છે.

આ પ્રમાણે ગ્રંથકારે કેવળ અઠ્ઠાવન ગાથાઓમાં જ જૈનદર્શનના અનેકવિધ સિદ્ધાન્તોનો સંક્ષેપમાં પણ સુષ્ઠુ પરિચય આપ્યો છે. તેથી જ દ્રવ્યસંગ્રહના ટીકાકાર બ્રહ્મદેવે તેની ગાથાઓને સૂત્ર અને તેના કર્તાને 'ભગવાન' કહીને તેમની પ્રશસ્તિ કરી છે.

**લઘુ દ્રવ્યસંગ્રહ અને બૃહદ્ દ્રવ્યસંગ્રહ :** નેમિચંદ્ર મુનિએ 'લઘુ દ્રવ્યસંગ્રહ' અને 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' - એમ દ્રવ્યસંગ્રહોની રચના કરી છે. ટીકાકાર શ્રી બ્રહ્મદેવે પણ આ બંને દ્રવ્યસંગ્રહોનો ઉલ્લેખ કર્યો છે. જૈન સાહિત્યમાં આ પ્રકારના લઘુ અને બૃહદ્ ગ્રંથોની રચના કરવાની પરંપરા અન્યત્ર પણ જોવા મળે છે.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે લઘુ દ્રવ્યસંગ્રહમાં કેટલીક ગાથાઓ ઉમેરીને બૃહદ્દ્રવ્યસંગ્રહની રચના કરવામાં આવી છે. પરંતુ બંને ગ્રંથોની ગાથાઓનું પરીક્ષણ કરતા ખ્યાલ આવે છે કે બૃહદ્ દ્રવ્ય સંગ્રહ લઘુ દ્રવ્યસંગ્રહનું બૃહદ્ રૂપ નથી. લઘુ દ્રવ્યસંગ્રહની ૮,૯,૧૦,૧૧,૧૨ તથા ૧૪મી ગાથાઓ સિવાયની અન્ય ગાથાઓ બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં મળતી નથી. બંને દ્રવ્યસંગ્રહની રચના સ્વતંત્રરૂપથી કરવામાં આવી છે, અને નિરૂપણની દૃષ્ટિએ પણ બંને ગ્રંથ ભિન્ન છે. બંનેના આરંભની મંગલાચરણની ગાથા તથા અંતિમ ગાથાઓ પણ વિભિન્ન છે.

બીજી મહત્ત્વની હકીકત એ છે કે લઘુ દ્રવ્યસંગ્રહમાં એનું નામ દ્રવ્યસંગ્રહ નહિ પણ 'પયત્થ-લક્ખણ-કરાઓ ગાહાઓ' (પદાર્થલક્ષણકારિણી ગાથા) આપવામાં આવ્યું છે. જોકે અંતના પુષ્પિકાવાક્યમાં 'લઘુ દ્રવ્યસંગ્રહ' નામનો ઉલ્લેખ છે. પણ બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં 'દવ્વસંગહમિણં' - એમ સ્પષ્ટરૂપે 'દ્રવ્યસંગ્રહ' નામ આપ્યું છે.

**નેમિચંદ્ર મુનિની કૃતિઓ** : મુનિ નેમિચંદ્રને નામે બૃહદ્ દ્રવ્યસંગ્રહ અને લઘુ દ્રવ્યસંગ્રહ એ બે કૃતિઓ મળે છે.

**દ્રવ્યસંગ્રહવિષયક ટીકાઓ** : ૧. દ્રવ્યસંગ્રહ વિશે સંસ્કૃતમાં શ્રી બ્રહ્મદેવની ટીકા મળે છે, તે બહુ વિસ્તૃત કે સંક્ષિપ્ત નથી. ટીકાકારે પ્રત્યેક ગાથાના પદોનું સારરહસ્ય વિશદતાથી સમજાવ્યું છે. તે સાથે આચાર્ય કુન્દકુન્દ, સમન્તભદ્ર, પૂજ્યપાદ, અકલંક, ગુણભદ્ર, નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી, શુભચંદ્ર, યોગીન્દુદેવ અને વસુનંદિ સિદ્ધાન્તિદેવ વગેરે વિદ્વાનોના ગ્રંથોમાંથી અનેક ઉદ્ધરણો આપીને પોતાની બહુશ્રુતતાનો પરિચય પણ આપ્યો છે. ટીકાની ભાષા સરળ અને પ્રાસાદિક છે. બ્રહ્મદેવે આ ટીકાને 'વૃત્તિ' નામે ઓળખાવી છે. બ્રહ્મદેવ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશના અભ્યાસી વિદ્વાન હતા અને

તેમનો સમય વિ. સં. ૧૧૫૦થી ૧૧૭૫ની આસપાસનો માનવામાં આવે છે. તેમણે અન્ય કૃતિઓની રચના પણ કરી છે.

૨. પંડિત જયચંદજી છાવડાએ ઈ. સ. ૧૮૦૬માં દ્રવ્યસંગ્રહ - વચનિકા નામે દ્રવ્યસંગ્રહ પર વિવેચના દેશભાષા-રાજસ્થાનીમાં લખી છે. અને તે માટે બ્રહ્મદેવની સંસ્કૃત ટીકાનો આધાર લીધો છે. દ્રવ્યસંગ્રહની ગાથાઓની વ્યાખ્યા કરવાની સાથે તેમણે તે ગાથાઓનો ચોપાઈબદ્ધ પદ્યાનુવાદ પણ આપ્યો છે - જેને 'દ્રવ્યસંગ્રહ-ભાષા'- નામ આપ્યું છે.

આ ઉપરાંત દ્રવ્યસંગ્રહનો અનેક ભાષામાં અનુવાદ પણ થયો છે.

પ્રસ્તુત કૃતિ તૈયાર કરવા માટે શ્રી ગણેશપ્રસાદ વર્ણી જૈન ગ્રંથમાલા-૧૬, અંતર્ગત પ્રકાશિત, શ્રી દરબારીલાલ કોઠિયા (પ્રાધ્યાપક, કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી) સંપાદિત દ્રવ્યસંગ્રહનો મુખ્યત્વે આધાર લીધો છે, તેનો હું ઋણભાવે સ્વીકાર કરું છું. 'દ્રવ્યસંગ્રહ'ના પ્રસ્તુત સંપાદનને ડૉ. રમણિકભાઈ શાહે (અધ્યક્ષ, પ્રાકૃત વિભાગ, ગુજરાત યુનિ.) અને પૂજ્ય સાધ્વીશ્રી સુરેખાશ્રી મહારાજ સાહેબે ઝીણવટથી તપાસ્યું છે અને જરૂરી સૂચનો પણ આપ્યાં છે, તે અંગે તેમની પણ આભારી છું. વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુ અભ્યાસીઓને સરળ માર્ગદર્શન મળે તે ઉદ્દેશથી દ્રવ્યસંગ્રહનું આ સંપાદન તૈયાર કર્યું છે.

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

નિરંજના વોરા

# અનુક્રમણિકા


આમુખ

પ્રાસ્તાવિક

| ક્રમ | અધિકાર | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાય-પ્રતિપાદક | ૧થી ૨૭ | ૧ |
| | - મંગલાચરણ | ૧ | ૧ |
| | - જીવદ્રવ્યનું સ્વરૂપ | ૨થી ૧૪ | ૧ |
| | - અજીવ દ્રવ્યનું સ્વરૂપ | ૧૫થી ૨૩ | ૧૪ |
| | - પાંચ અસ્તિકાય | ૨૪થી ૨૭ | ૨૩ |
| ૨. | સપ્ત તત્ત્વ-નવ પદાર્થપ્રતિપાદક | ૨૮થી ૩૯ | ૨૬ |
| | - સપ્ત તત્ત્વનિરૂપણ | ૨૮થી ૩૭ | ૨૬ |
| | - પુણ્ય-પાપ | ૩૮ | ૩૪ |
| ૩. | મોક્ષમાર્ગપ્રતિપાદક | ૩૯થી ૫૮ | ૩૫ |
| | - મોક્ષમાર્ગપ્રતિપાદન | ૩૯થી ૪૬ | ૩૫ |
| | - ધ્યાન-ધ્યેય | ૪૭થી ૪૯ | ૪૧ |
| | - પંચપરમેષ્ઠી | ૫૦થી ૫૪ | ૪૫ |
| | - ધ્યાનનું સ્વરૂપ લક્ષણ | ૫૫થી ૫૭ | ૪૮ |
| | - સમાપન | ૫૮ | ૫૦ |
| | - પરિશિષ્ટ | | ૫૧ |
| | દ્રવ્યસંગ્રહની પ્રાકૃત ગાથાઓ | | |

॥ ॐ નમઃ ॥

# દ્રવ્યસંગ્રહ

## શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ વિરચિત

## પ્રથમ અધિકાર

**મંગલાચરણ (૧)**

जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।
देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा ॥ १ ॥

जीवमजीवं द्रव्यं जिनवरवृषभेण येन निर्दिष्टम् ।
देवेन्द्रवृन्दवन्द्यं वन्दे तं सर्वदा शिरसा ॥ १ ॥

જીવ અને અજીવ દ્રવ્યનું જેમણે નિર્દેશન કર્યું છે (અને) જે દેવેન્દ્રાદિ સમૂહથી વંદિત છે, તે પરમ જિનવરને હું શિરથી (શિર નમાવીને) વંદન કરું છું. ૧.

શ્રી ઋષભદેવ જિનેન્દ્રને પ્રણામ કરીને જીવ અને અજીવ એ બે મૂળ દ્રવ્યોનો નિર્દેશ કર્યો છે.

---

**જીવનું સ્વરૂપ (૨)**

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ २ ॥

जीवः उपयोगमयः अमूर्तिः कर्ता स्वदेहपरिमाणः ।
भोक्ता संसारस्थः सिद्धः सः विस्रसा ऊर्ध्वगतिः ॥ २ ॥

જે ઉપયોગમય છે, અમૂર્ત છે, કર્તા છે, સ્વદેહ-પરિમાણ છે, ભોક્તા છે, સંસારમાં સ્થિત છે, સિદ્ધ છે અને સ્વભાવથી ઊર્ધ્વગમન કરનાર છે, તે જીવ છે. ૨.

પ્રથમ ગાથામાં વર્ણિત બે દ્રવ્યોમાંથી અહીં પ્રથમ જીવ દ્રવ્યનું વર્ણન આપવામાં આવ્યું છે. જીવનાં નવ લક્ષણો અનુસાર તેનાં સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે. આગળની ગાથાઓમાં આ પ્રત્યેક લક્ષણની સમજ આપવામાં આવી છે.

---

**જીવનું લક્ષણ (૩)**

तिक्काले चदुपाणा इंदियबलमाउ आणपाणो य।
ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स ॥ ३ ॥

त्रिकाले चतुःप्राणाः इन्द्रियं बलं आयुः आनपानश्च।
व्यवहारात् स जीवः निश्चयनयतः तु चेतना यस्य ॥ ३ ॥

જેના ત્રણે કાળમાં ઈન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણ હોય છે, તે વ્યવહારતઃ જીવ છે, પરંતુ નિશ્ચય નયાનુસાર જેને (જ્ઞાન અને દર્શનરૂપ) ચેતના છે (તે જીવ છે). ૩

પ્રત્યેક વસ્તુના બે રૂપ હોય છે : એક તેનું મૂળ સ્વરૂપ અને બીજું તેના ઉપરથી તૈયાર થયેલું અર્થાત્ નકલી - જેને જૈનદર્શન અનુસાર નૈશ્ચયિક અને વ્યવહારિક કહે છે.

જેમાં પરનિમિત્તની અપેક્ષા નથી, માત્ર સ્વાપેક્ષ છે, તે તેનું મૂળ કે અસલી સ્વરૂપ છે. તેને પરમાર્થ, ભૂતાર્થ, વાસ્તવિક અને નૈશ્ચયિક પણ કહે છે.

પરંતુ જેમાં પરનિમિત્તની અપેક્ષા રહે છે, અર્થાત્ પરનિમિત્તથી વ્યવહૃત થાય છે તે નકલી સ્વરૂપ છે. તેને અપરમાર્થ, અભૂતાર્થ અને વ્યવહાર પણ કહે છે.

અહીં જીવ દ્રવ્યનો વિચાર નિશ્ચય અને વ્યવહાર બંને નય દ્વારા કરવામાં આવ્યો છે.

જીવમાં ચેતના પરનિમિત્તાપેક્ષ નથી, તે તેનું સ્વાભાવિક સ્વરૂપ છે. તેથી તે જીવનો પરમાર્થ પ્રાણ છે, અને તે જીવમાં સર્વ કાળે (ભૂત, ભવિષ્ય અને વર્તમાન)માં વિદ્યમાન હોય છે. પરંતુ ઈન્દ્રિયાદિ ચાર પ્રાણ પુદ્‌ગલકર્મના નિમિત્તથી હોય છે, પણ તે જીવમાં જ હોય છે. તેથી તે વ્યવહારદૃષ્ટિએ પ્રાણ કહેવાય છે.

ઈન્દ્રિયોની અપેક્ષાએ જીવના પાંચ પ્રકાર છે :

૧. એકેન્દ્રિય જીવ : જેમની કેવળ એક જ સ્પર્શેન્દ્રિય હોય છે તે એકેન્દ્રિય જીવ છે. દા.ત. વૃક્ષ વગેરે સ્થાવર જીવો

૨. દ્વીન્દ્રિય જીવ : બે ઈન્દ્રિયવાળા જીવ. જેમને સ્પર્શેન્દ્રિય અને રસના (જીભ) - એ બે ઈન્દ્રિયો હોય છે તે દ્વીન્દ્રિય જીવ છે શંખ વગેરે.

૩. ત્રીન્દ્રિય જીવ : જેને સ્પર્શ, રસના અને ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયો છે તે ત્રીન્દ્રિય જીવ છે. દા.ત. કીડી, માંકડ, મંકોડા વગેરે

૪. ચતુરિન્દ્રિય જીવ : જેને સ્પર્શ, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઈન્દ્રિયો છે એ ચતુરિન્દ્રિય જીવો છે. દા.ત. માખી, ભ્રમર, વીંછી વગેરે.

૫. પંચેન્દ્રિય જીવ : જેને સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયો છે, તે પંચેન્દ્રિય જીવ છે. દા.ત. મનુષ્ય, સિંહ, દેવ વગેરે

પંચેન્દ્રિયમાં પણ કેટલાક જીવ સમનસ્ક હોય છે કેટલાક અમનસ્ક મનરહિત હોય છે.

ગાથામાં સામાન્ય રીતે ઈન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ એ ચાર પ્રાણોના ઉલ્લેખ છે. પણ અહીં ઇન્દ્રિય દ્વારા પાંચે સ્પર્શાદિ ઇન્દ્રિયો નિહિત છે.

બળ દ્વારા કાયબળ, વચનબળ અને મનોબળ એ ત્રણ બળનો નિર્દેશ છે.

આમ પાંચ ઈન્દ્રિયો, ત્રણ બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ (૫+૩+૧+૧) એમ કુલ ૧૦ દસ પ્રાણ છે.

ઉપર પાંચ પ્રકારના જીવોનું વર્ણન છે. તેમાં એકેન્દ્રિય જીવના સ્પર્શેન્દ્રિય, કાયબળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ એ ચાર પ્રાણ છે.

દ્વીન્દ્રિય જીવના ઉપરોક્ત ચાર પ્રાણ ઉપરાંત રસના ઇન્દ્રિય અને વચનબળ એ બે વધારાના પ્રાણ હોય છે, તેથી તેના કુલ છ પ્રાણ છે.

ત્રીન્દ્રિય જીવના ઉપરોક્ત છ પ્રાણ ઉપરાંત એક ઘ્રાણેન્દ્રિય ઉમેરાતા કુલ સાત પ્રાણ હોય છે.

ચતુરિન્દ્રિય જીવની ચક્ષુ-ઇન્દ્રિય હોય છે, તે સહિત ઉપરના સાત પ્રાણ અર્થાત્ કુલ આઠ પ્રાણ હોય છે.

પંચેન્દ્રિય જીવમાં ઉપરોક્ત આઠ પ્રાણ ઉપરાંત શ્રોત્રેન્દ્રિયસહિત કુલ નવ પ્રાણ હોય છે.

જે પંચેન્દ્રિય જીવ મનરહિત હોય છે તેમના નવ પ્રાણ હોય છે. પરંતુ જે પંચેન્દ્રિય જીવોનું મન હોય છે (મનુષ્ય, દેવ, નારકી અને અશ્વાદિ તિર્યંચ) તેમને ઉપરના નવ પ્રાણો અને મનોબળ સહિત કુલ દસ પ્રાણ હોય છે.

---

## ઉપયોગ (૪)

उपओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा।
चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं ॥ ४ ॥

उपयोगः द्विविकल्पः दर्शनं ज्ञानं च दर्शनं चतुर्द्धा।
चक्षुः अचक्षुः अवधिः दर्शनं अथ केवलं ज्ञेयम् ॥ ४ ॥

ઉપયોગના બે પ્રકાર છે : દર્શન અને જ્ઞાન. દર્શનના ચાર પ્રકાર ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શન જાણવા. ૪.

જ્ઞાન અને દર્શનરૂપ ચેતનાને ઉપયોગ કહે છે. તેના બે પ્રકાર છે : એક દર્શનોપયોગ અને બીજો જ્ઞાનોપયોગ.

દર્શનોપયોગના ચાર પ્રકાર આ પ્રમાણે છે :

૧. ચક્ષુદર્શન :

ચક્ષુ-ઇન્દ્રિય દ્વારા વસ્તુનું સામાન્ય અવલોકન થાય છે, તે ચક્ષુદર્શન ઉપયોગ છે.

૨. અચક્ષુદર્શન :

ચક્ષુ-ઇન્દ્રિય સિવાય સ્પર્શાદિ ચાર ઇન્દ્રિયો તથા મનથી વસ્તુ વિશેનું જે સામાન્ય આભાસરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે અચક્ષુદર્શન છે.

૩. અવધિદર્શન :

ઇન્દ્રિયો અને મનની અપેક્ષાની સહાય વગર જ આત્મા દ્વારા રૂપવાન-રૂપી-પદાર્થોનું, (પુદ્ગલ અથવા પુદ્ગલ સંબંધી જીવનું) જે સામાન્ય જ્ઞાન થાય છે તે અવધિદર્શન છે.

૪. કેવલદર્શન :

ઇન્દ્રિયો અને મનની અપેક્ષા વગર જ કેવળ આત્મા દ્વારા સમસ્ત ચર-અચર પદાર્થોનું જે યુગપત્ સામાન્ય ગ્રહણ (જ્ઞાન) પ્રાપ્ત થાય છે તે કેવળદર્શન છે.

પ્રથમ ત્રણ દર્શન જ્ઞાનથી પૂર્વે થાય છે, જ્યારે કેવળદર્શન કેવળ જ્ઞાનની સાથે જ થાય છે.

---

**જ્ઞાનોપયોગના પ્રકાર (૫)**

णाणं अट्ठवियप्पं मदि-सुद-ओही अणाण-णाणाणि ।
मणपज्जयकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ॥ ५ ॥

ज्ञानं अष्टविकल्पं मतिश्रुतावधयः अज्ञान-ज्ञानानि ।
मनःपर्ययः केवलं अपि प्रत्यक्ष-परोक्षभेदं च ॥ ५ ॥

મતિ, શ્રુત અને અવધિ (એ ત્રણ જ્ઞાન) સમ્યગ્ અને મિથ્યા એમ બે પ્રકારના તથા મનઃપર્યાય અને કેવળ - એ પ્રમાણે જ્ઞાનના આઠ પ્રકાર છે. તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદ છે. ૫.

જ્ઞાનોપયોગના આઠ ભેદ છે. મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ સમ્યક્ (યથાર્થ) રૂપ અને મિથ્યા (અયથાર્થ) રૂપ - એમ બે પ્રકારના હોય છે. જ્યારે તે સમ્યગ્ દષ્ટ (યથાર્થ જ્ઞાત) હોય છે ત્યારે સમ્યગ્ જ્ઞાન કહેવાય છે અને મિથ્યા દષ્ટિ (અયથાર્થ જ્ઞાત) હોય છે ત્યારે અજ્ઞાન કે મિથ્યાજ્ઞાન કહે છે.

તેના જ્ઞાનત્વ અને અજ્ઞાનત્વનું કારણ આગમિક સમ્યગ્ દર્શન અથવા તેનો અભાવ છે.

આગળનાં બંને જ્ઞાન મન:પર્યાય અને કેવળ સમ્યગ્ જ્ઞાનરૂપ છે, કારણ સમ્યગ્ દષ્ટિને કારણે જ તે સમુદ્ભવે છે. આમ આઠ પ્રકારના જ્ઞાનનું આ રીતે વિભાજન થઈ શકે છે :

૧. મતિ - જ્ઞાન

૨. મતિ - અજ્ઞાન

૩. શ્રુત- જ્ઞાન

૪. શ્રુત- અજ્ઞાન

૫. અવધિ - જ્ઞાન

૬. અવધિ - અજ્ઞાન

૭. મન:પર્યાય જ્ઞાન

૮. કેવળ જ્ઞાન

આ આઠ જ્ઞાન પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભાગમાં વહેંચાયેલા છે.

મતિ-જ્ઞાન, મતિ-અજ્ઞાન, શ્રુત-જ્ઞાન અને શ્રુત-અજ્ઞાન એ ચાર જ્ઞાન પરોક્ષ છે, કારણ કે એમાં ઇન્દ્રિયાદિની અપેક્ષા રહે છે. જ્યારે અવધિ-જ્ઞાન, અવધિ-અજ્ઞાન, મન:પર્યાય અને કેવળ એ ચાર પ્રત્યક્ષ છે, કારણ કે તે ચારે ઇન્દ્રિયાદિ નિરપેક્ષ તથા વિશદ હોય છે.

અવધિ-અજ્ઞાનને વિભઙ્ગજ્ઞાન પણ કહે છે.

---

### ઉભયનયથી ઉપયોગનું લક્ષણ (૬)

अट्ठ चदु णाण दंसण सामण्णं जीव-लक्खणं भणियं ।
ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं ॥ ६ ॥

अष्टचतुर्ज्ञानदर्शने सामान्यं जीवलक्षणं भणितम् ।
व्यवहारात्, शुद्धनयात् शुद्धं पुनः दर्शनं ज्ञानम् ॥ ६ ॥

આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શનને વ્યવહાર નય અનુસાર,

તેમ જ વિશુદ્ધ જ્ઞાન અને દર્શનને શુદ્ધ નય અનુસાર જીવનું લક્ષણ કહેવાયું છે. ૬.

આઠ પ્રકારનું જ્ઞાન અને ચાર પ્રકારનું દર્શન : આ બાર પ્રકારના ઉપયોગને જીવનું સામાન્ય લક્ષણ માનવામાં આવે છે. સંસારી ગૃહસ્થ કે મુક્ત - સર્વ પ્રકારના જીવોનું આ સામાન્ય લક્ષણ છે. આ મત વ્યવહાર નયનો છે.

શુદ્ધ નય એટલે કે પરમાર્થતઃ તો જીવનું લક્ષણ તો શુદ્ધ (કેવળ) જ્ઞાન અને શુદ્ધ (કેવળ) દર્શન જ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બંને ઉપયોગ ક્ષાયિક હોવાથી અનૌપાધિક છે. અને ચૈતન્યરૂપથી અનાદિ - અનન્ત છે.

પરંતુ મતિ, શ્રુત, અવધિ આદિ દશ ઉપયોગ ક્ષાયોપશમિક હોવાથી ઔપાધિક (કર્મનિમિત્તિક) છે અને સાદિ સાન્ત છે.

આ પ્રમાણે ઉપયોગને બંને નય અનુસાર જીવનું લક્ષણ માનવામાં આવે છે.

પ્રથમ દશ પ્રકારના ઉપયોગ મતિ, શ્રુત - આદિ સંસારી જીવોનું લક્ષણ છે.

કેવળ જ્ઞાન અને કેવળ દર્શન આ બે પ્રકારનો ઉપયોગ મુક્ત જીવોનું લક્ષણ છે.

અને માત્ર ઉપયોગ અર્થાત્ ચૈતન્ય સર્વ પ્રકારના જીવોનું સામાન્ય લક્ષણ છે.

(૪,૫ અને ૬ ગાથામાં ઉપયોગનું વર્ણન છે)

---

## જીવ-મૂર્તિક અને અમૂર્તિક (૭)

वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्छया जीवे ।
णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो ॥ ७ ॥

वर्णाः रसाः पञ्च, गन्धौ द्वौ, स्पर्शाः अष्टौ, निश्चयात् जीवे ।
नो सन्ति अमूर्तिः ततः, व्यवहारात् मूर्तिः, बन्धतः ॥ ७ ॥

: પાંચ વર્ણ, પાંચ રસ, બે ગન્ધ અને આઠ સ્પર્શ-નિશ્ચય નય અનુસાર જીવમાં નહિ હોવાથી તે અમૂર્તિક છે, અને કર્મબંધન હોવાને કારણે વ્યવહાર

નય પ્રમાણે (જીવ) મૂર્તિક છે. ૭.

વસ્તુત: શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ જીવમાં પાંચ રૂપ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ - પુદ્ગલના આ વીસ ગુણોમાંથી એક પણ ગુણ નથી તેથી તે અમૂર્ત છે. પરંતુ કર્મબંધને કારણે વ્યવહાર નય અનુસાર તે મૂર્ત સ્વરૂપ ધરાવે છે.

પરમાર્થની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો એક દ્રવ્યના ગુણધર્મ બીજા દ્રવ્યમાં હોવાનું સંભવિત નથી. એ દૃષ્ટિએ પુદ્ગલ(અજીવ)ના જે રૂપાદિ ગુણ છે, કે જેને કારણે તેને મૂર્ત કહેવામાં આવે છે, તે ગુણ જીવ દ્રવ્યમાં હોવાનું સંભવે નહિ. અને તેથી જીવ અમૂર્ત છે.

પરંતુ સાંસારિક અવસ્થામાં કોઈ પણ જીવ પુદ્ગલકર્મના સંબંધથી રહિત નથી.

જેવી રીતે જપાકુસુમના સાન્નિધ્યથી સ્ફટિક મણિમાં રક્તિમા - લાલ રંગની આભા દશ્યમાન થાય છે તેવી રીતે પુદ્ગલના રૂપાદિ ગુણોનો જીવમાં આવિર્ભાવ થયેલો જણાય છે. આ દૃષ્ટિએ જીવ મૂર્તિક છે.

જીવ અનાદિકાળથી કર્મબંધથી યુક્ત હોવાને કારણે જીવ તથા પુદ્ગલકર્મમાં એકત્વ હોય છે. પણ સશ્લેષાત્મક વિભાજન કરી શકાય તેવું હોય છે.

આ પ્રમાણે જીવના મૂર્ત તથા અમૂર્ત સ્વરૂપ વિશેનો વિચાર વ્યવહાર અને નિશ્ચય - એમ બંને નય દ્વારા કરવામાં આવે છે.

પાંચ રૂપ : નીલ, પીત, શુક્લ, કૃષ્ણ અને લાલ

પાંચ રસ : તીખો, કટુ, ખાટો, મધુર અને કષાય

બે ગંધ : સુગંધ અને દુર્ગંધ

આઠ સ્પર્શ : મૃદુ-કઠણ, ગુરુ-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ

---

**જીવ કર્તા છે (૮)**

पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो ।
चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं ॥ ८ ॥

पुद्गलकर्मादीनां कर्ता व्यवहारतः तु निश्चयतः ।
चेतनकर्मणां आत्मा शुद्धनयात् शुद्धभावानाम् ॥ ८ ॥

વ્યવહાર નય અનુસાર જીવ પુદ્‌ગલકર્માદિનો, નિશ્ચય નય અનુસાર ચેતન કર્મોનો અને શુદ્ધ નય પ્રમાણે શુદ્ધ ભાવોનો કર્તા છે. ૮.

વ્યવહાર નય પ્રમાણે આત્મા જ્ઞાનવરણાદિ દ્રવ્ય-કર્મો તથા ગાથોક્ત આદિ શબ્દથી વર્ણિત ઔદારિકાદિ ત્રણ શરીરો અને આહાર વગેરે છ પર્યાપ્તિઓને યોગ્ય પુદ્‌ગલરૂપનો કર્મો અને બાહ્ય ઘટપટાદિનો કર્તા છે.

પરંતુ, અશુદ્ધ નિશ્ચય નય પ્રમાણે તે રાગાદિ ભાવરૂપ કર્મોનો કર્તા છે.

તથા શુદ્ધ નિશ્ચય નય અનુસાર ક્ષાયિત અનન્ત જ્ઞાન - સુખાદિ શુદ્ધ ભાવોનો કર્તા છે.

---

## જીવનું ભોક્તાસ્વરૂપ (૯)

ववहारा सुह-दुक्खं पुग्गलकम्मप्फलं पभुंजेदि ।
आदा णिच्छयणयदो चेदणभावं खु आदस्स ॥ ९ ॥

व्यवहारात् सुखदुःखं पुद्गलकर्मफलं प्रभुंक्ते ।
आत्मा निश्चयनयतः चेतनभावं खलु आत्मनः ॥ ९ ॥

: વ્યવહાર નય પ્રમાણે આત્મા પુદ્‌ગલકર્મના ફળરૂપ સુખ-દુઃખને ભોગવે છે, પણ નિશ્ચય નય અનુસાર પોતાના ચેતનભાવ(જ્ઞાનાનંદ)ને અનુભવે છે. ૯.

વ્યવહાર નય પ્રમાણે જીવ સર્વ પ્રકારનાં કર્મોના પરિણામરૂપ સુખ - દુઃખ વગેરેનો અનુભવ કરે છે. પરંતુ નિશ્ચય નય પ્રમાણે પોતાના જ જ્ઞાનાનન્દાદિ સ્વભાવનો અસંદિગ્ધ ભોક્તા છે. કાયિક સુખદુઃખને ભોગવતો નથી.

---

## જીવનું સ્વદેહપરિમાણત્વ (૧૦)

अणुगुरु-देह-पमाणो उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा णिच्छयणयदो असंखदेसो वा ।। १० ।।

अणुगुरुदेहप्रमाणः उपसंहारप्रसर्प्पतः चेतयिता ।
असमुद्घातात् व्यवहारात् निश्चयनयतः असंख्यदेशो वा ।। १० ।।

: આ ચેતન જીવ સમુદ્ઘાત અવસ્થા સિવાય, વ્યવહાર નયની અપેક્ષાએ સંકોચ અને વિસ્તારને કારણે, નાના કે મોટા પોતાના દેહ - પ્રમાણ હોય છે. અને નિશ્ચય નય અનુસાર તે અસંખ્ય પ્રદેશવાળો છે. ૧૦

વ્યવહાર નય પ્રમાણે જીવ સ્વદેહપરિમાણ સહિત હોય છે. સંકોચ અને વિસ્તાર પામવાના ધર્મોને કારણે નાના કે મોટા શરીરમાં જીવ તે શરીરના પ્રમાણમાપ બરાબર હોય છે, ન અણુવત્ હોય છે, ન વિશાળ. શરીરમાં સર્વત્ર વ્યાપક હોય છે. શરીરમાં સર્વત્ર સુખદુ:ખરૂપ આત્મગુણોની ઉપલબ્ધિ થાય છે.

સમુદ્ઘાત એક વિશેષ કાળ અથવા ક્રિયાવિશેષ અવસ્થા છે, જેમાં આત્માનું અસ્તિત્વ શરીરની બહાર પણ ઉપલબ્ધ થાય છે. આત્મા પોતાનું વિશેષ પ્રયોજન સિદ્ધ કરવા નિજ શરીરની બહાર પણ નિશ્ચિત સમય સુધી અસ્તિત્વ ધારણ કરે છે. પરંતુ આ સમુદ્ઘાતની ક્રિયા સર્વ મનુષ્યો માટે સર્વદા સિદ્ધ હોતી નથી. આ પરિસ્થિત સિવાય જીવ હંમેશા પોતાના શરીરના પ્રમાણ અનુસાર રહે છે.

---

## જીવ સંસારી છે. (૧૧)

पुढवि-जल-तेयवाऊ- वणप्फदी विविहथावरेइंदी ।
विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी ।। ११ ।।

पृथिवीजलतेजोवायुवनस्पतयः विविधस्थावरैकेन्द्रियाः ।
द्विकत्रिकचतुःपञ्चाक्षाः त्रसजीवाः भवन्ति शङ्खादयः ।। ११ ।।

: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ વિવિધ પ્રકારના સ્થાવર એકેન્દ્રિય જીવ છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય શંખ (કીડી, ભ્રમર, મનુષ્ય) આદિ ત્રસ જીવ છે. ૧૧.

સંસારમાં પરિભ્રમણ કરવાને કારણે જીવ સંસારી છે.

સંસારી જીવ બે પ્રકારના છે : એક સ્થાવર અને બીજા ત્રસ. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ પ્રકારના જીવ સ્થાવર છે. પૃથ્વી વગેરેમાં અંકુરોત્પાદનની શક્તિ વિદ્યમાન છે, તેથી તે જીવ છે એમ જાણી શકાય છે. વિજ્ઞાનની દૃષ્ટિએ પણ તે સજીવ છે. આ એકેન્દ્રિય જીવ હોવાનું કહેવાયું છે.

ત્રસ જીવ ચાર પ્રકારના છે :

૧. દ્વીન્દ્રિય

૨. ત્રીન્દ્રિય

૩. ચતુરિન્દ્રિય

૪. પંચેન્દ્રિય

---

**ચૌદ જીવસમાસ (૧૨)**

समणा अमणा णेया पंचेदिय णिम्मणा परे सव्वे ।
बादर-सुहमेइंदिय सव्वे पज्जत्त इदरा य ॥ १२ ॥

समनस्काः अमनस्काः ज्ञेयाः पंचेन्द्रियाः निर्मनस्काः परे सर्वे ।
बादरसूक्ष्मैकेन्द्रियाः सर्वे पर्याप्ताः इतरे च ॥ १२ ॥

પંચેન્દ્રિય જીવોને સંજ્ઞી-અસંજ્ઞી (એમ બે પ્રકારના) તથા અન્ય સર્વ (જીવો) ને અસંજ્ઞી જાણવા. એકેન્દ્રિયના બાદર અને સૂક્ષ્મ (એવા બે ભેદ) છે. આ સર્વ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે. ૧૨.

પંચેન્દ્રિય જીવ બે પ્રકારના હોય છે. એક પ્રકારના એવા જીવ છે કે જેમને મન હોય છે, તેમને સમનસ્ક અથવા સંજ્ઞી કહેવામાં આવે છે. અને બીજા પ્રકારના તે છે કે જેમને મન નથી, તેમને અમનસ્ક અથવા અસંજ્ઞી કહે છે.

પંચેન્દ્રિય સિવાયના અન્ય સર્વે જીવો અમનસ્ક હોય છે. એકેન્દ્રિય જીવના પણ બાદર અને સૂક્ષ્મ એવા બે ભાગ પડે છે.

આ પ્રમાણે પંચેન્દ્રિયના બે, એકેન્દ્રિયના બે અને વિકલત્રય (દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય) ત્રણ છે - એમ કુલ સાત ભેદ થયા.

આ સાત પ્રકારના જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારના હોય છે. તેથી સર્વ જીવોના ચૌદ (૧૪) ભેદ નિષ્પન્ન થાય છે. તેને જ જીવસમાસ કહે છે. કારણ આ સમગ્ર જીવસમુદાય આ ચૌદ વિભાગોમાં જ વિભાજિત છે.

---

**ઉભય નયથી સંસારી જીવનું સ્વરૂપ (૧૩)**

मग्गण-गुणठाणेहिं य चउदसहिं हवंति तह असुद्धणया।
विण्णेया संसारी सव्वे सुद्धा दु सुद्धणया॥ १३ ॥

मार्गणागुणस्थानैः चतुर्दशभिः भवन्ति तथा अशुद्धनयात्।
विज्ञेयाः संसारिणः सर्वे शुद्धाः खलु शुद्धनयात्॥ १३ ॥

અશુદ્ધ નયની અપેક્ષાએ ચૌદ માર્ગણા, ચૌદ ગુણસ્થાન અને ચૌદ જીવ સમાસોને કારણે (દ્વારા) જીવ સંસારી છે. અને શુદ્ધ નયની દૃષ્ટિએ સર્વ જીવ શુદ્ધ જ છે, એમ જાણવું જોઈએ. ૧૩.

ગાથા ૧૨માં જે પ્રમાણે ચૌદ જીવસમાસોની અપેક્ષાએ સંસારી જીવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે પ્રમાણે આ ગાથામાં ૧૪ માર્ગણાઓ અને ૧૪ ગુણસ્થાનકોની અપેક્ષાએ, અલબત્ત, અશુદ્ધ નયની દૃષ્ટિથી તેની સંભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે. યથાર્થ રીતે તો સર્વ સંસારી જીવો શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ જીવસમાસાદિના વ્યપદેશથી રહિત છે અને માત્ર એક જ્ઞાયક - ચેતનસ્વભાવથી યુક્ત છે.

૧૪ માર્ગણાઓ અને ૧૪ ગુણસ્થાનો આ પ્રમાણે છે :

૧૪ માર્ગણા : ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યકત્વ, સંજ્ઞા, અને આહાર.

આ ૧૪ દ્વારો વડે અથવા દ્વારોમાં જીવોનું અન્વેષણ કરવામાં આવે છે. તેથી તેમને માર્ગણા એટલે કે અન્વેષણસ્થાન કહેવામાં આવે છે.

૧૪ ગુણસ્થાનો :

ગુણસ્થાનો ઉત્તરોત્તર વૃદ્ધિ કરાવનાર સ્થાનો છે. તે આ પ્રમાણે છે : મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત, દેશવિરત, પ્રમત્તવિરત, અપ્રમત્તવિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસામ્પરાય, ઉપશાન્તમોહ, ક્ષીણમોહ, સંયોગકેવલી અને અયોગકેવલી.

---

### સિદ્ધ અને ઊર્ધ્વગમનનો સ્વભાવ (૧૪)

णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा।
लोयग्गठिदा णिच्चा उप्पादवयेहिं संजुत्ता ॥ १४ ॥

निष्कर्माणः अष्टगुणाः किंचिदूनाः चरमदेहतः सिद्धाः।
लोकग्रस्थिताः नित्याः उत्पादव्ययाभ्यां संयुक्ताः ॥ १४ ॥

આઠ કર્મોથી રહિત, આઠ ગુણોથી સહિત અને અંતિમ શરીરથી થોડું નાનું સ્વરૂપ ધરાવનાર, નિત્ય અને ઉત્પાદ - વ્યય સહિત સિદ્ધો લોકાકાશના અગ્ર ભાગ પર વિરાજમાન છે. ૧૪.

જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ઔદારિક શરીરાદિ નોકર્મ અને રાગાદિ ભાવકર્મોથી જે રહિત છે, સમ્યક્ત્વાદિ આઠ ગુણોથી જે સહિત છે, જે શરીરથી તેઓ મુક્ત થયા છે, તેના કરતાં થોડું નાનું સ્વરૂપ ધરાવે છે, લોકાકાશના શિખર પર વિરાજમાન છે તથા ઉત્પાદ અને વ્યયપરિણામથી યુક્ત હોવા છતાં પણ મુક્તિરૂપ ધ્રૌવ્યસ્વભાવનો જે ક્યારેય પણ ત્યાગ કરતા નથી, તે સિદ્ધ છે.

આ ગાથામાં જીવના સિદ્ધસ્વરૂપનું વર્ણન છે, પરંતુ તેના ઊર્ધ્વગમનના સ્વભાવનું સ્પષ્ટ નિરૂપણ નથી, પરંતુ આ ગાથાના પૂર્વાર્ધમાં જીવના 'સિદ્ધત્વ' અધિકારનું અને ઉત્તરાર્ધમાં 'ઊર્ધ્વગમન' અધિકારનો નિર્દેશ હોવાનું સૂચવાયું છે. (સંસ્કૃત ટીકાકાર બ્રહ્મનેમિદત્ત દ્વારા).

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ - આ ચાર પ્રકારનાં બંધનોથી સર્વ રીતે રહિત બનીને મુક્ત જીવ સ્વભાવતઃ ઉપર તરફ ગતિ કરે છે. અન્ય કર્મબંધનોથી યુક્ત સર્વ જીવો વિદિશાઓને છોડીને, ચારે દિશાઓ, ઉપર અને નીચેની તરફ ગમન કરે છે.

મુક્ત જીવ સ્વભાવતઃ ઊર્ધ્વગમન કરે છે, તેનાં અનેક કારણો છે.તેનો પૂર્વ જન્મોનો અભ્યાસ તેને ઊર્ધ્વ પ્રતિ ગતિ કરવા પ્રેરે છે, જેવી રીતે કુંભાર ચાકને લાકડીથી ગોળ ફેરવવાનું બંધ કરે તોપણ પૂર્વ સંસ્કારવશ તે ગોળ ફર્યા કરે છે.

બીજું કારણ એ છે કે તે અસંગ - સંગરહિત બની જાય છે. જેવી રીતે માટીના લેપથી આલિપ્ત તૂમડું, લેપ દૂર થતાં જ સ્વભાવતઃ પાણીની ઉપર આવી જાય છે.

ત્રીજું કારણ એ છે કે તેનું કર્મબંધન ઉચ્છિન્ન થઈ જાય છે. જેવી રીતે એરંડનું બીજ, કોષ ફાટતા જ એકદમ ઉપરની તરફ જાય છે.

ચોથું કારણ એ છે કે મુક્ત જીવનો ઊર્ધ્વગમન કરવાનો સ્વભાવ જ છે. જેવી રીતે અગ્નિની જ્વાળાઓ નિર્વાત પ્રદેશમાં ઉપરની તરફ જ જાય છે.

આ બાર ગાથાઓમાં જીવ દ્રવ્યનું વિવેચન કરવામાં આવ્યું છે.

---

**અજીવ દ્રવ્ય (૧૫)**

अज्जीवो पुण णेओ पुग्गलधम्मो अधम्म आयासं ।
कालो पुग्गल मुत्तो रुवादिगुणो अमुत्ति सेसा दु ॥ १५ ॥

अजीवः पुनः ज्ञेयः पुद्गलः धर्मः अधर्मः आकाशम् ।
कालः पुद्गलः मूर्तः रूपादिगुणः अमूर्ताः शेषाः तु ॥ १५ ॥

પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ તથા કાળ એ પાંચ પ્રકારના અજીવ દ્રવ્યોમાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શથી યુક્ત હોવાને કારણે પુદ્ગલ મૂર્તિક છે અને અન્ય શેષ દ્રવ્યો અમૂર્તિક છે એમ જાણવું. ૧૫.

અહીં અજીવ દ્રવ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના પાંચ પ્રકાર છે :

૧. પુદ્ગલ

૨. ધર્મ

૩. અધર્મ

૪. આકાશ

૫. કાળ

આ દ્રવ્યોમાંથી પુદ્ગલ રૂપોથી સહિત. તેથી તે મૂર્ત એટલે કે દશ્યમાન છે, પરંતુ અન્ય સર્વે અમૂર્ત છે.

---

**પુદ્ગલ દ્રવ્ય (૧૬)**

सद्दो बंधो सुहुमो थूलो संठाणभेदतमछाया ।
उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया ॥ १६ ॥

शब्दः बन्धः सूक्ष्मः स्थूलः संस्थानभेदतमश्छायाः ।
उद्योतातपसहिताः पुद्गलद्रव्यस्य पर्यायः ॥ १६ ॥

શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, આકાર, ભેદ, અંધકાર, છાયા, ઉદ્યોત અને આતપ એ સર્વ પુદ્ગલ દ્રવ્યના પર્યાય છે. ૧૬.

અહીં પુદ્ગલના સ્વરૂપ વિશે વિસ્તારથી નિરૂપણ કર્યું છે. શબ્દબંધ આદિ પુદ્ગલના પરિણામસ્વરૂપ છે, તેથી તે સર્વે પૌદ્ગલિક છે.

શબ્દના બે પ્રકાર છે : એક ભાષાત્મક અને બીજો અભાષાત્મક.

ભાષાત્મક શબ્દના પણ બે પ્રકાર છે :

૧. અક્ષરરૂપ :

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી વગેરે પ્રચલિત ભાષાઓ, જે લોકવ્યવહાર માટે પ્રયોજાય છે તે અક્ષરાત્મક ભાષાઓ છે.

૨. અનક્ષરાત્મક :

દ્વીન્દ્રિય વગેરે તિર્યંચ જીવોની ભાષા તથા સર્વજ્ઞનો દિવ્ય ધ્વનિ - બંને અનક્ષરાત્મક ભાષા છે.

અભાષાત્મક શબ્દના પણ બે પ્રકાર છે.


૧. પ્રાયોગિક :

પ્રયોગથી - પ્રયત્ન દ્વારા ઉત્પન્ન કરવામાં આવતા ધ્વનિને - શબ્દને પ્રાયોગિક કહેવામાં આવે છે. સંગીતના વિવિધ વાજિંત્રોનો અવાજ પ્રાયોગિક છે. તેના ત્રણ તત, વિતત, ધન અને સુષિર એવા ચાર ભેદ છે. વીણા વગેરેનો ધ્વનિ, તત, તબલાનો શબ્દ વિતત, મંજીરા વગેરેનો શબ્દ ધન અને બંસરી વગેરેના કોમળ સ્વરને સુષિર કહેવામાં આવે છે.

૨. વૈસ્રસિક શબ્દ

સ્વાભાવિક રીતે થતા મેઘાદિના અવાજોને વૈસ્રસિક અભાષાત્મક શબ્દ કહે છે.

શબ્દના પ્રકારોને આ પ્રમાણે જોઈ શકાય :




બન્ધ :

તેના બે પ્રકાર છે : પુદ્‌ગલ પુદ્‌ગલનું સંયુક્ત થવું અને પુદ્‌ગલ તથા જીવનું સંયુક્ત થવું.

માટી વગેરેનો જે પિંડરૂપ બંધ છે તે પુદ્‌ગલ પુદ્‌ગલનો બંધ છે. તેમાં માટી અને પાણીનું મિશ્રણ છે.

જીવની સાથે જે કર્મ તથા નોકર્મનો બંધ છે તે જીવ અને પુદ્‌ગલના સંયોગથી થયેલો જીવાજીવનો બંધ છે. વાસ્તવિક રીતે આ પુદ્‌ગલના નિમિત્તે હોવાથી પૌદ્‌ગલિક જ છે. પરંતુ વ્યવહાર નય અનુસાર તે આત્માનો બંધ પણ કહેવાય છે.

સૂક્ષ્મતા :

તેના પણ બે પ્રકાર છે : આપેક્ષિક અને અનાપેક્ષિક

સફરજન કરતાં બોર અને બોર કરતાં ચણા આકારમાં નાના છે, તેથી

તેમાં આપેક્ષિક સૂક્ષ્મતા છે.

પણ પરમાણુ સ્વાભાવિક રીતે જ સૂક્ષ્મ છે, તેથી તેમાં અનાપેક્ષિક સૂક્ષ્મતા છે.

સ્થૂલતા :

સ્થૂલતા પણ આપેક્ષિક અને અનાપેક્ષિક એમ બે પ્રકારની છે.

ચણાથી બોર અને બોરથી સફરજન કદમાં મોટું છે, તેથી તે આપેક્ષિક સ્થૂલતા છે.

પણ લોકવ્યાપ્ત મહાસ્કંધ - આકાશમાં સ્વાભાવિક સ્થૂલતા છે. એટલે તે અનાપેક્ષિક છે.

આકાર :

ત્રિકોણ, ચતુષ્કોણ, ગોળ, અર્ધગોળ વગેરે આકાર કે સંસ્થાન છે.

ભેદ :

પદાર્થના ટુકડા, ઝીણો ભૂકો વગેરે ભેદ છે.

અંધકાર :

દૃષ્ટિને રોકનાર અંધકાર છે.

છાયા :

વૃક્ષાદિને કારણે છાંયડો થાય છે તે તથા મનુષ્યોના પડછાયાને છાયા કહે છે.

ઉદ્યોત :

આગિયા તથા ચંદ્રમાના શીતળ પ્રકાશને ઉદ્યોત કહે છે.

આતપ :

સૂર્ય તથા સૂર્યકાન્ત વગેરે મણિરૂપ પૃથિવીકાયમાં જે ઉષ્ણ પ્રકાશ હોય છે, તે આતપ કહેવાય છે.

આ સર્વ પુદ્ગલના વિકાર છે, તેથી પૌદ્ગલિક છે.

---

## ધર્મદ્રવ્ય (૧૭)

गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी ।
तोयं जह मच्छाणं अच्छंता णेव सा णेई ॥ १७ ॥

गतिपरिणतानां धर्मः पुद्गलजीवानां गमनसहकारी ।
तोयं यथा मत्स्यानां अगच्छतां नैव स नयति ।। १७ ।।

ગતિક્રિયામાં પરિણત પુદ્ગલ અને જીવોને ગમન કરવામાં જે સહકારી (બને) છે તે ધર્મદ્રવ્ય છે, જેવી રીતે પાણી માછલીને (ગતિ કરવામાં સહકાર આપે છે), પણ ગતિરહિતને તે લઈ જતું નથી. ૧૭.

જીવ અને પુદ્ગલ એ બે ગતિશીલ દ્રવ્ય છે. શેષ ચાર દ્રવ્યો અગતિશીલ છે. આ પ્રમાણે ગતિ કરનારા જીવ કે પુદ્ગલોને ગતિ કરવામાં જે સહાયરૂપ બને છે, તે ધર્મદ્રવ્ય છે. જેવી રીતે પાણીમાં ચાલતી માછલીઓને ગતિ કરવામાં પાણી સહાયરૂપ બને છે. પરંતુ ધર્મદ્રવ્ય અગતિશીલને ગતિ કરાવવા માટે પ્રેરક બનતું નથી, જે ગતિ કરે છે તેને માટે જ તે સહકારરૂપ બને છે. વૃદ્ધની લાકડી કે રેલવેના પાટા વૃક્ષને કે રેલગાડીને ચાલવામાં સહાયરૂપ બને છે, પણ તેમને ચાલવા પ્રેરતા નથી.

ધર્મદ્રવ્ય જીવ પુદ્ગલોની ગતિમાં અપ્રેરક નિમિત્ત છે, પ્રેરક નથી. વૃદ્ધની લાકડી કે રેલવેના પાટા વગેરે અપ્રેરક નિમિત્તનાં ઉદાહરણ છે.

---

**અધર્મદ્રવ્ય (૧૮)**

ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी ।
छाया जह पहियाणां गच्छंता णेव सो धरई ।। १८ ।।

स्थानयुतानां अधर्मः पुद्गलजीवानां स्थानसहकारी ।
छाया यथा पथिकानां गच्छतां नैव सः धरति ।। १८ ।।

સ્થાનત્વ (સ્થિરતા) ઈચ્છતા પુદ્ગલ અને જીવોને સ્થિર બનવામાં જે સહકારી થાય છે તે અધર્મદ્રવ્ય છે, જેવી રીતે (વૃક્ષની) છાયા પથિકને (વિશ્રામ માટે) રોકાવામાં સહાયભૂત બને છે, પણ ગતિશીલને (ગતિ કરવા ઈચ્છનારને) તે રોકતું નથી. ૧૮.

જીવ અને પુદ્‌ગલ જ્યારે પોતાની ગતિને અટકાવીને રોકાવાની ઈચ્છા કરે છે તેમને માટે સર્વમાન્ય એવું સહકારીકારણ જે દ્રવ્ય છે તે અધર્મદ્રવ્ય છે.

જીવ અને પુદ્‌ગલ પોતાની ગતિશીલ અવસ્થામાં રહેવા ઈચ્છતા હોય, તેમને રોકાવાની ઈચ્છા ન હોય તો અધર્મદ્રવ્ય તેમને બળપૂર્વક રોકતું નથી. વૃક્ષની છાયા ગ્રીષ્મકાળમાં રસ્તેથી પસાર થતા વટેમાર્ગુને રોકાવા માટે સહાયકારી બને છે પણ તે સ્વયં પ્રેરણા કરીને તેમને રોકતી નથી. તેવી રીતે ધર્મશાળા યાત્રીઓ માટે અને રેલ્વેસ્ટેશન રેલગાડીને સ્થિર થવા માટે, રોકાવા માટે સહકારી કારણ છે, પણ તે અપ્રેરક સહકારી કારણ છે.

---

**આકાશદ્રવ્ય (૧૯)**

अवगास-दाण-जोग्गं जीवादीणं वियाण आयासं।
जेण्हं लोगागासं अल्लोगागासमिदि दुविहं ॥ १९ ॥

अवकाशदानयोग्यं जीवादीनां विजानीहि आकाशम्।
जैनं लोकाकाशं अलोकाकाशं इति द्विविधम् ॥ १९ ॥

જીવાદિને અવકાશ આપવામાં આકાશ (દ્રવ્ય) સમર્થ છે તેમ જિનેન્દ્ર દેવે કહ્યું છે. તેનાં લોકાકાશ (અને) અલોકાકાશ એમ બે પ્રકાર છે. ૧૯.

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળને અવકાશ આપવામાં જે દ્રવ્ય સમર્થ છે તે આકાશદ્રવ્ય છે, એવું જિનેન્દ્ર ભગવાને પ્રતિપાદન કર્યું છે. તેના બે ભાગ છે. લોકાકાશ અને અલોકાકાશ. લોકાકાશમાં જીવ-અજીવ સર્વ દ્રવ્યો આવેલાં છે.

---

**લોકાકાશ અને અલોકાકાશ (૨૦)**

धम्माधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये।
आयासे सो लोगो तत्तो परदो अलोगुत्तो ॥ २० ॥

धर्माधर्मो कालः पुद्गलजीवाः च सन्ति यावतिके ।
आकाशे सः लोकः ततः परतः अलोकः उक्तः ॥ २० ॥

ધર્મ, અધર્મ, કાળ, પુદ્ગલ અને જીવ આ પાંચ દ્રવ્યો જ્યાં હોય છે, તે લોકાકાશ છે અને તેનાથી પરને અલોકાકાશ કહ્યું છે. ૨૦

જેટલા આકાશમાં ધર્મ, અધર્મ, કાળ, પુદ્ગલ અને જીવ દ્રવ્ય હોય છે તેટલા આકાશને લોકાકાશ કહે છે. અને તેની આગળના અનન્ત આકાશને અલોકાકાશ કહે છે.

જ્યાં જીવાદિ પદાર્થ આલોકિત થાય છે, અર્થાત્ જોવાય છે તે લોક છે, અને જ્યાં જીવાદિ પદાર્થ ઉપલબ્ધ નથી હોતા, કેવળ આકાશ જ છે, તે અલોક છે.

લોક અસંખ્યાત પ્રદેશી છે. આટલા અલ્પ ક્ષેત્રમાં અનંત જીવ, અનન્ત પુદ્ગલ, અસંખ્યાત કાલાણુ દ્રવ્ય, અસંખ્યાત - અસંખ્યાત પ્રદેશોવાળા ધર્મ અને અધર્મ કેવી રીતે સમાવિષ્ટ થઈ શકે - એવો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.

તેના પ્રત્યુત્તરરૂપે જણાવવામાં આવ્યું છે કે આકાશમાં અવગાહનશક્તિ છે. એ શક્તિના બળથી સર્વ પદાર્થો અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં સમાઈ જાય છે. જે એક મોટા પ્રદીપના પ્રકાશમાં અન્ય નાના દીપકોનો પ્રકાશ સમાઈ જાય છે અથવા રાખથી ભરેલા ઘડામાં ઘણી સોયો અને ઊંટડીનું દૂધ સમાઈ જાય છે.

---

**કાલદ્રવ્ય (૨૧)**

दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो ।
परिणामादीलक्खो वट्टणलक्खो च परमट्ठो ॥ २१ ॥

द्रव्यपरिवर्तरूपः यः सः कालः भवेत् व्यवहारः ।
परिणामादिलक्ष्यः वर्तनालक्षणः च परमार्थः ॥ २१ ॥

દ્રવ્યના રૂપમાં જે પરિવર્તન થાય છે અને સમયઘટિકાદિરૂપ તે

વ્યવહારદષ્ટિએ કાલ છે. વર્તમાનરૂપ - સૂક્ષ્મ પરિણમન રૂપે નિશ્ચયકાળ છે. ૨૧.

કાળદ્રવ્યના બે પ્રકાર છે : એક વ્યવહારકાળ અને બીજો પર્યાયકાળ.

જે સમય કલાક, દિવસ, માસ, વર્ષ આદિરૂપ છે અને દ્રવ્યના પરિવર્તનમાં સહાયરૂપ છે તે વ્યવહારદષ્ટિએ કાળ છે.

દ્રવ્યમાં 'નવીનતા-જીર્ણતા' એ રૂપપરિવર્તન છે.

ગોદોહ, પાક આદિ ક્રિયા છે.

જયેષ્ઠત્વ, કનિષ્ઠત્વરૂપ, પરત્વાપરત્વ દ્વારા જાણી શકાય છે, તે સર્વ વ્યવહારકાળ છે.

સ્વયં ઉપાદાનરૂપે પરિણમતા પદાર્થોને પરિણમનક્રિયામાં જે સહકારી થાય છે, તે 'વર્તના' છે. આ રીતે સહકારી બનનાર દ્રવ્ય નિશ્ચયકાળ છે. તે પદાર્થોના પરિણમનમાં એવી રીતે સહકારી બને છે, જેવી રીતે કુંભારના ચાકની નીચેની શિલા ચાકના પરિણમનમાં સહકારી બને છે. અથવા જેવી રીતે શીતકાળના અધ્યયનમાં અધ્યેતાને માટે અગ્નિ સહાયક બને છે.

જેવી રીતે ગતિ, સ્થિતિ અને અવગાહનમાં નિમિત્તરૂપ ક્રમશઃ ધર્મ, અધર્મ અને આકાશ છે, તેમ સર્વ દ્રવ્યોને પરિણમન થવામાં વર્તના કારણરૂપ છે.

નિશ્ચય નય પ્રમાણે કાલ અણુરૂપ છે, સ્કંધ જેવું સમૂહાત્મક અથવા આકાશ કે ધર્મ - અધર્મ જેવું અખંડ દ્રવ્ય નથી, ખંડ - ખંડ અણુરૂપ છે. રેતીના કણોની જેમ સ્વત્વ ગુમાવ્યા સિવાય સાથે રહી શકે છે.

---

**કાલદ્રવ્યની સંખ્યા (૨૨)**

लोयायासपदेसे एक्केक्के जे ठिया हु एक्किक्का ।
रयणाणं रासीमिव ते कालाणु असंखदव्वाणि ॥ २२ ॥

लोकाकाशप्रदेशे एकैकस्मिन् ये स्थिताः हि एकैकाः ।
रत्नानां राशिः इव ते कालाणवः असंख्यद्रव्याणि ॥ २२ ॥

લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક કાલાણુ રત્નોના રાશિના સમાન (પૃથક્, પૃથક્) સ્થિત છે. આ કાલદ્રવ્ય અસંખ્યાત છે. (૨૨)

લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક કાલાણુ સ્થિત છે. રત્નોના ઢગલામાં રહેલા પ્રત્યેક રત્નનું પોતાનું અલગ અસ્તિત્વ હોય છે, તેમ આ દરેક કાલાણુ અલગ અલગ હોય છે. તેની સંખ્યા લોકાકાશના પ્રદેશ જેટલી અર્થાત્ અસંખ્યાત છે, તે સંખ્યાત કે અનંત નથી.

તેનું કારણ એ છે કે અનંત જીવ અને અનંત પુદ્ગલ ભિન્ન ભિન્ન સ્વભાવના હોવા છતાં અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં સ્થિત છે. ધર્મ અને અધર્મ દ્રવ્ય પણ તલમાં રહેલા તેલની જેમ લોકાકાશમાં જ વ્યાપ્ત છે. તેથી આ સર્વ દ્રવ્યના પરિણમનમાં સહાયરૂપ બનનાર કાલાણુને અસંખ્યાત માનવું જ ઉચિત છે.

લોકાકાશની બહાર વિદ્યમાન અનંત આકાશના પરિણમનમાં લોકાકાશમાં સ્થિત કાલાણુઓ જ સહાયક બને છે. કારણ કે આકાશ અખંડ દ્રવ્ય છે. અને તેનું (કાળદ્રવ્યનું) નિયામક આકાશનું અખંડત્વ જ છે. જેવી રીતે એક લાંબા તારના એક ભાગમાં કંપન થાય તો તે કેવળ સમગ્ર તારમાં ફેલાઈ જાય છે. આ મૂર્ત દ્રવ્યનું સ્થૂળ દૃષ્ટાન્ત છે. આકાશ દ્રવ્ય તો અમૂર્ત છે. તેથી તેમાં એક સ્થળે પરિણમન થતા સર્વત્ર પરિણમન થવાની સંભાવના છે. અને તે સમસ્ત પરિણમનોમાં એક જ કાલાણુ દ્રવ્યનું સહકારી હોવું સર્વથા ઉચિત છે.

---

**દ્રવ્ય અને અસ્તિકાયનો ભેદ (૨૩)**

एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं ।
उत्तं कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया य ॥ २३ ॥

एवं षड्भेदं इदं जीवाजीवप्रभेदतः द्रव्यम् ।
उक्तं कालवियुक्तं ज्ञातव्याः पञ्च अस्तिकायाः तु ॥ २३ ॥

આ પ્રમાણે જીવાજીવના પ્રભેદથી દ્રવ્યના છ પ્રકાર કહેવાયા છે. તેમાંથી

કાલદ્રવ્ય સિવાયના (શેષ) પાંચને અસ્તિકાય જાણવા જોઈએ. ૨૩.

ગ્રંથના આરંભમાં દ્રવ્યોના મુખ્ય બે પ્રકાર - જીવ અને અજીવ હોવાનું જણાવ્યું છે. તે પોતાના અવાન્તર ભેદની અપેક્ષાએ કુલ છ પ્રકારના છે. તે છ દ્રવ્યોમાંથી, કાળ સિવાયનાં પાંચ દ્રવ્યો અસ્તિકાય છે.

---

**અસ્તિકાયનું સ્વરૂપ અને નામની સાર્થકતા (૨૪)**

संति जदो तेणेदे अस्थि त्ति भणंति जिणवरा जम्हा।
काया इव बहुदेसा तम्हा काया य अत्थिकाया य॥ २४॥

सन्ति यतस्तेन एते अस्ति इति भणंति जिनवराः यस्मात्।
काया इव बहुदेशास्तस्मात् कायाश्च अस्तिकायाश्च॥ २४॥

(આ પાંચ દ્રવ્યો) 'છે' તેથી સર્વજ્ઞદેવે તેને 'અસ્તિ' (હોવું કે છે) એવી સંજ્ઞા આપી છે. અને તે કાયની જેમ 'અનેક પ્રદેશોવાળા' છે તેથી તે 'કાય' (કહેવાય છે). અને તેથી 'અસ્તિકાય' (કહેવાય છે) ૨૪.

કાલ સિવાયનાં પાંચ દ્રવ્યોને 'અસ્તિકાય' શા માટે કહે છે, તેનું કારણ આ ગાથામાં આપવામાં આવ્યું છે. તેમાં કહેવાયું છે કે આ દ્રવ્યો 'છે' તેથી જિનવર સર્વજ્ઞદેવે તેમને 'અસ્તિ' એવી સંજ્ઞા આપી અને તે કાયની જેમ બહુ પ્રદેશોવાળા હોવાથી તેમને 'કાય'ની સંજ્ઞા પણ આપવામાં આવી. આ પ્રમાણે 'અસ્તિ' અને 'કાય' બંને હોવાથી આ પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' કહેવાય છે. પણ 'કાલ' દ્રવ્યનું અસ્તિત્વ હોવા છતાં, 'અસ્તિ' હોવા છતાં તેનો એક જ પ્રદેશ છે, કાયની જેમ તેના બહુપ્રદેશ નથી, તેથી તેને 'અસ્તિકાય'ની સંજ્ઞા આપવામાં આવી નથી.

---

**દ્રવ્યોની પ્રદેશસંખ્યા (૨૫)**

होंति असंखा जीवे धम्माधम्मे अणंत आयासे।
मुत्ते तिविह पदेसा कालस्सेगो ण तेण सो काओ॥ २५॥

भवन्ति असंख्याः जीवे धर्माधर्मयोः अनन्ताः आकाशे ।
मूर्ते त्रिविधाः प्रदेशाः कालस्यैको न तेन स कायः ॥ २५ ॥

જીવ, ધર્મ (તથા) અધર્મમાં અસંખ્ય, આકાશમાં અનંત અને મૂર્તમાં ત્રણ પ્રકારના (સંખ્યાત, અસંખ્યાત અને અનંત) પ્રદેશો હોય છે. કાલમાં એક જ પ્રદેશ હોય છે, તેથી તે 'કાય' નથી. ૨૫.

જીવ, ધર્મ અને અધર્મ - આ ત્રણ દ્રવ્યોમાં દરેકના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો છે. આકાશના અનંત પ્રદેશો છે. મૂર્ત અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યોમાં ત્રણે પ્રકારના પ્રદેશો હોય છે - અર્થાત્ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો હોય છે. એટલે કે કોઈ પુદ્‌ગલના સંખ્યાત પ્રદેશ હોય તો કોઈ પુદ્ગલ - સ્કંધના અસંખ્યાત કે અનંત પ્રદેશો હોય છે.

પરંતુ કાલ - દ્રવ્યનો એક જ પ્રદેશ છે, તેથી તે કાય નથી, અર્થાત્ બહુપ્રદેશી નથી.

---

**પુદ્ગલનો પરમાણુ (૨૬)**

एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि ।
बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हू ॥ २६ ॥

एकप्रदेशः अपि अणुः नानास्कन्धप्रदेशतः भवति ।
बहुदेशः उपचारात् तेन च कायः भणन्ति सर्वज्ञाः ॥ २६ ॥

અણુ એક પ્રદેશી હોવા છતાં નાનાપ્રદેશરૂપ સ્કંધોના કારણરૂપ પ્રાપ્ત હોવાથી તે ઉપચારથી બહુપ્રદેશી છે, તેથી સર્વજ્ઞદેવ તેને 'કાય' કહે છે. ૨૬.

પરમાણુમાં એક પ્રદેશ હોવા છતાં પણ સ્કંધરૂપ હોવાની શક્તિ ધરાવે છે. તેથી તે પરમાણુને પણ ઉપચારથી બહુપ્રદેશી માનીને તેને કાય કહેવામાં આવે છે. તે કારણથી તેને અસ્તિકાય માનવામાં આવે છે.

પુદ્ગલ પરમાણુ પણ કાલાણુની જેમ એકપ્રદેશી છે, બહુપ્રદેશી નથી. અહીં પરમાણુને અસ્તિકાય માનવામાં આવે છે, પણ કાલાણુને અસ્તિકાય

માનતા નથી તેનું કારણ એ છે કે કાલાણુ તો બીજા કાલાણુઓ સાથે સંયુક્ત થવા છતાં, રત્નોના ઢગલામાંનાં રત્નોની જેમ પૃથક્ પૃથક્ જ રહે છે. તે એકરૂપ - તાદાત્મ્યપ્રાપ્ત - બનતા નથી.

પણ પુદ્ગલ પરમાણુ બીજા સંશ્લેષ પરમાણુઓ કે સ્કંધ સાથે સંયુક્ત થવાથી તેની સાથે એકરૂપ બની જાય છે, તાદાત્મ્ય સાધી લે છે, સ્કંધપરિણતિને પ્રાપ્ત થાય છે. સંશ્લેશ અવસ્થામાં તે પૃથક્ રહેતા નથી.

પુદ્ગલ પરમાણુમાં બહુપ્રદેશી સ્કંધરૂપ પરિણમનની યોગ્યતા હોવાથી સર્વજ્ઞએ ઉપચારથી તેને અસ્તિકાય કહ્યા છે. અને કાલાણુ સંયુક્ત થવા છતાં સ્કંધરૂપે પરિણત થતા નથી તેથી તેને ઉપચારથી પણ અસ્તિકાય કહ્યા નથી.

---

**પ્રદેશનું લક્ષણ (૨૭)**

जावदियं आयासं अविभागीपुग्गलाणुवट्टद्धं ।
तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं ॥ २७ ॥

यावतिकमाकाशमविभागिपुद्गलाण्ववष्टब्धम् ।
तं खलु प्रदेशं जानीहि सर्वाणुस्थानदानार्हम् ॥ २७ ॥

જેટલા આકાશમાં એક અવિભાગી પુદ્ગલ પરમાણુ રહે, તેટલા આકાશને પ્રદેશ જાણો, તે પ્રદેશ સર્વ પરમાણુઓને પણ અવકાશ આપવામાં સમર્થ છે. ૭.

આ પ્રકારની અવગાહનશક્તિ આકાશમાં વિદ્યમાન છે, તેથી અસંખ્યાતપ્રદેશી લોકમાં અનંતાનંત જીવ અને તેનાથી પણ અનંતગણા પુદ્ગલ તેમાં અવકાશ પ્રાપ્ત કરી લે છે.

---

## દ્વિતીય અધિકાર

### સપ્ત તત્ત્વનું નિરુપણ (૨૮)

आसव बंधण संवर णिज्जर मोक्खा सपुण्णपावा जे ।
जीवाजीवविसेसा ते वि समासेण पभणामो ॥ २८ ॥

आस्रवबन्धनसंवरनिर्जरमोक्षाः सपुण्यपापाः ये ।
जीवाजीवविशेषाः तान् अपि समासेन प्रभणामः ॥ २८ ॥

પુણ્ય અને પાપથી સંયુક્ત આસ્રવ, બન્ધ, સંવર, નિર્જરા (અને) મોક્ષ - એ જીવાજીવની વિશેષતા છે. તેમને પણ અહીં સંક્ષેપમાં કહેવામાં આવે છે. ૨૮.

આસ્રવ, બંધન આદિ સ્વતંત્ર નથી, પરંતુ તે જીવ અને અજીવ પદાર્થના સંયોગ તથા વિયોગથી નિષ્પન્ન પરિણામરૂપ હોય છે. આસ્રવ વગેરે સાત તત્ત્વો જીવાજીવના જ વિશેષ ભેદ છે. તેમાં પાપ અને પુણ્ય ઉમેરાતાં કુલ નવ તત્ત્વો બને છે.

જીવ અને અજીવના સંયોજનથી 'બંધ' થાય છે. તેનાથી કર્મનું આગમન થાય છે, તે આસ્રવ છે. કર્મને રોકવું તે સંવર છે. કર્મનો અંશતઃ નાશ થવો તે નિર્જરા છે અને સર્વથા નાશ થવો તે મોક્ષ છે. આ કર્મો શુભ હોય તો તે 'પુણ્ય' અને અશુભ હોય તો 'પાપ' કહેવાય છે, જેનાથી સુખ દુઃખાદિની અનુભૂતિ થાય છે.

આમ, જીવાજીવના પર્યાય-વિસ્તારરૂપ આસ્રવાદિ દ્રવ્યો છે.

---

## ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ (૨૯)

आसवदि जण कम्मं परिणामेणप्पणो स विण्णेओ ।
भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि ॥ २९ ॥

आस्रवति येन कर्म परिणामेनात्मनः स विज्ञेयः ।
भावास्रवो जिनोक्तः कर्मास्रवणं परो भवति ॥ २९ ॥

આત્માના (રાગાદિરૂપ) પરિણામથી જે કર્મ ઉત્પન્ન થાય છે, તેને જિનેન્દ્રએ ભાવાસ્રવ કહ્યું છે, તેનાથી ભિન્ન કર્મોનું ઉત્પન્ન થવું તે દ્રવ્યાસ્રવ છે, તેમ જાણવું જોઈએ. ૨૯.

આસ્રવ એટલે કે કર્માગમનના બે પ્રકાર છે :

૧. ભાવાસ્રવ

૨. દ્રવ્યાસ્રવ

આત્માનો જે રાગદ્વેષાદિ પરિણામનો કે જેને કારણે જ્ઞાનાવરણાદિ કર્મ આત્મામાં પ્રવેશે છે, તે પરિણામસ્વરૂપ કર્મ ભાવાસ્રવ છે.

અને જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્‌ગલોનું આગમન દ્રવ્યાસ્રવ છે.

---

## આસ્રવના ભેદ (૩૦)

मिच्छत्ताविरदिपमादजोगकोधादओऽथ विण्णेया ।
पण पण पणदस तिय चदु कमसो भेदा दु पुव्वस्स ॥ ३० ॥

मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयोऽथ विज्ञेयाः ।
पञ्च पञ्च पञ्चदश त्रयश्चत्वारः क्रमशो भेदास्तु पूर्वस्य ॥ ३० ॥

પાંચ મિથ્યાત્વ, પાંચ અવિરતિ, પંદર પ્રમાદ, ત્રણ યોગ અને ચાર કષાય એ પહેલાના (ભાવાસ્રવના) ભેદ જાણવા જોઈએ.

ભાવાસ્રવના કુલ ૩૨ ભેદ અહીં વર્ણવ્યા છે.

મિથ્યાત્વ :

જીવાદિ વિશે વિપરીત શ્રદ્ધા એ મિથ્યાત્વ છે. એકાંત, વિપરીત, વિનય,

સંશય અને અજ્ઞાન એ પાંચ મિથ્યાત્વ છે.

અવિરતિ :

'સાવદ્યત્યાગ' રૂપ વ્રતો વિરતિ છે તેનાથી વિપરીત હિંસા, ચોરી, જૂઠ, કુશીલ અને પરિગ્રહ એ પાંચ મહાપાપો તે અવિરતિ છે.

પ્રમાદ :

આત્માની જ્ઞાનપ્રાપ્તિના માર્ગે આગળ વધવાની જે સભાનતા છે, જાગૃતિ છે તેનો લોપ કરાવે તે પ્રમાદ છે, આત્માને જ્ઞાનમાર્ગેથી ચ્યુત કરાવનાર પ્રમાદ છે. તેના પંદર પ્રકારો છે : ચાર વિકથા, ચાર કષાય, પાંચ ઈન્દ્રિયોના વિષયો, નિદ્રા અને સ્નેહ એ પંદર પ્રમાદ છે.

યોગ :

આત્માનો કર્મ સાથે જેનાથી સંયોગ થાય છે તે યોગ છે. તેના ત્રણ પ્રકાર છે :

૧. મન

૨. વચન

૩. કાયા.

કષાય :

'કષ' એટલે સંસાર અને 'આય' એટલે વૃદ્ધિ થવી. સંસારની વૃદ્ધિ જેનાથી થાય તે કષાય છે. તેના ચાર પ્રકાર છે :

૧. ક્રોધ

૨. માન

૩. માયા

૪. લોભ

આ ૩૨ ભેદોને કારણે આત્મામાં કર્મોનો આસ્રવ થાય છે. તે આત્માના વિભાવ (અશુદ્ધ) પરિણામરૂપ હોવાથી ભાવાસ્રવ કહેવાય છે.

---

**દ્રવ્યાસ્રવનું સ્વરૂપ અને ભેદ (૩૧)**

णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि ।

दव्वासवो स णेयो अणेयभेओ जिणक्खादो ॥ ३१ ॥

ज्ञानावरणादीनां योग्यं यत् पुद्गलद्रव्यं समास्रवति ।
द्रव्यास्रवः स ज्ञेयोऽनेकभेदो जिनाख्यातः ॥ ३१ ॥

જ્ઞાનાવરણ આદિ(દ્રવ્ય કર્મો)ને યોગ્ય જે કર્મવર્ગણારૂપ પુદ્ગલ દ્રવ્યોનો આસ્રવ થાય છે, તેને દ્રવ્યાસ્રવ જાણવો. જિનેન્દ્રએ તેના અનેક ભેદ કહ્યા છે. ૩૧.

આત્મામાં પુદ્ગલકર્મોનું આગમન થવું તે દ્રવ્યાસ્રવ છે. તેના મૂળ આઠ પ્રકાર છે :

૧. જ્ઞાનાવરણ
૨. દર્શનાવરણ
૩. વેદનીય
૪. મોહનીય
૫. આયુ
૬. નામ
૭. ગોત્ર
૮. અંતરાય

તેમાંથી જ્ઞાનાવરણના પાંચ, દર્શનાવરણના નવ, વેદનીયના બે, મોહનીયના અટ્ઠાવીસ, આયુના ચાર, નામના ત્રાણુ, ગોત્રના બે અને અંતરાયના પાંચ ભેદ છે. આમ, દ્રવ્યાસ્રવના કુલ એકસો અડતાળીસ પ્રકાર છે.

---

## ભાવબંધ અને દ્રવ્યબંધ (૩૨)

बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो ।
कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो ॥ ३२ ॥

बध्यते कर्म येन तु चेतनभावेन भावबन्धः सः ।
कर्मात्मप्रदेशानामन्योन्यप्रवेशनमितरः ॥ ३२ ॥

આત્મભાવને કારણે જે કર્મ બંધાય છે તે ભાવબંધ છે. તથા જીવ અને કર્મ -

પુદ્‌ગલોનું (નીર - ક્ષીરની જેમ) પરસ્પર એકરૂપ થઈ જવું તે દ્રવ્યબંધ છે. ૩૨.

જેનાથી કર્મ બંધાય છે, તે બંધ છે. તે દ્રવ્યથી અને ભાવથી એમ દ્વિવિધ છે. ચેતનના ભાવો એટલે કે રાગાદિ પરિણામોથી જે કર્મ બંધાય તે ભાવબંધ છે તથા કર્મ અને આત્માનો પરસ્પર અનુપ્રવેશ થવો તે દ્રવ્યબંધ છે.

---

**બંધના પ્રકાર અને કારણ (૩૩)**

पयडिट्ठि अणुभागप्पदेसभेदादु चदुविधो बंधो ।
जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति ॥ ३३ ॥

प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदात् तु चतुर्विधो बन्धः ।
योगात्प्रकृतिप्रदेशौ स्थित्यनुभागौ कषायतः भवतः ॥ ३३ ॥

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ ભેદથી બંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિ અને પ્રદેશ (બંધ) યોગથી અને સ્થિતિ તથા અનુભાગ (બંધ) કષાયથી થાય છે. ૩૩.

અહીં દ્રવ્યબંધના પ્રકાર અને દ્રવ્યબંધ થવાનું કારણ બતાવ્યાં છે. દ્રવ્યબંધના ચાર પ્રકાર છે : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ.

જ્ઞાનાવરણ વગેરે કર્મોમાં જ્ઞાનાદિ આત્મગુણોને રોકવાનો જે સ્વભાવ છે, તે પ્રકૃતિબંધ છે.

બંધને પ્રાપ્ત થયેલાં કર્મો જ્યાં સુધી જીવની સાથે રહે છે, તેને સ્થિતિબંધ કહે છે.

આ કર્મોમાં ન્યૂનાધિકતાના પ્રમાણાનુસાર ફળ આપવાની જે વિશેષ શક્તિ છે તે અનુભાગબંધ છે.

પ્રતિક્ષણે જેનો આસ્રવ થાય છે તેવાં કર્મોની સંખ્યાનું નામ પ્રદેશબંધ છે.

તેમાંથી પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગ અર્થાત્ મન- વચન-કાયાના વ્યાપારથી સંભવે છે. અને સ્થિતિ તેમ જ અનુભાગબંધ ક્રોધાદિ કષાયોને કારણે ઉદ્‌ભવે છે.

### ભાવસંવર અને દ્રવ્યસંવરનું સ્વરૂપ (૩૪)

चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेऊ।
सो भावसंवरो खलु दव्वासवरोहणे अण्णो ॥ ३४ ॥

चेतनपरिणामो यः कर्मणः आस्रवनिरोधने हेतुः।
सः भावसंवरः खलु द्रव्यास्रवरोधनोऽन्यः ॥ ३४ ॥

આત્માનું જે (શુદ્ધ) પરિણામ કર્મના આસ્રવના નિરોધમાં કારણરૂપ છે તે ભાવસંવર છે અને જે દ્રવ્યાસ્રવનો નિરોધ થાય છે તે અન્ય (એટલે કે દ્રવ્યસંવર) છે. ૩૪.

સંવરનો અર્થ છે રોકવું. આત્માનું જે શુદ્ધ પરિણામ કર્મના આગમનને રોકે છે તે ભાવસંવર છે. અને તે કર્મોનું રોકાવું તે દ્રવ્યસંવર છે.

કર્મના આસ્રવને રોકવાના હેતુરૂપ જે ચેતન પરિણામ છે તે ભાવસંવર છે. દ્રવ્યાસ્રવને રોકે છે તે દ્રવ્યસંવર છે.

ભાવાસ્રવના કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ વગેરે છે, તેનાથી વિપરીત એવા સમ્યક્ત્વ - વિરતિ વગેરે શુદ્ધ ઉપયોગરૂપ ચેતન પરિણામ એ ભાવસંવર છે. આ ભાવસંવરનું વ્રત નિયમ - સંયમ વગેરે રૂપે વર્ણન થાય છે.

---

### ભાવસંવરના પ્રકાર (૩૫)

वदसमिदीगुत्तीओ धम्माणुपेहा परीसहजओ य।
चारित्तं बहुभेया णायव्वा भावसंवरविसेसा ॥ ३५ ॥

व्रतसमितिगुप्तयो धर्मानुप्रेक्षाः परीषहजयश्च।
चारित्रं बहुभेदं ज्ञातव्या भावसंवरविशेषाः ॥ ३५ ॥

વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહ અને ચારિત્રને અનેક પ્રકારના ભાવસંવરના વિશેષ ભેદ જાણવા જોઈએ. ૩૫.

વ્રતો પાંચ છે : ૧. અહિંસા ૨. સત્ય ૩. ચોરી ન કરવી ૪. બ્રહ્મચર્ય ૫. અપરિગ્રહ

સમિતિ :

તેના પણ પાંચ પ્રકાર છે : ઈર્યા, ભાષા, એષણા, આદાન અને નિક્ષેપ.

ગુપ્તિ :

તેના ત્રણ પ્રકાર છે : મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

ધર્મ :

ધર્મ દસ છે : ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ઉત્તમ શૌચ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય.

અનુપ્રેક્ષા :

તેના બાર પ્રકાર છે : અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ.

પરિષહજય :

તેના ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી, ડાંસ-મચ્છર, જીર્ણ વસ્ત્રાદિ, અરતિ, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, કટુવચન, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મેલ, સત્તાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન વગેરે બાવીસ પ્રકાર છે.

ચારિત્ર :

ચારિત્રના પાંચ પ્રકાર છે. સામાયિક, છેદો પ્રસ્થાનમ, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત.

આ પ્રમાણે પાંચ વ્રતો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ધર્મો, દશ અનુપ્રેક્ષા, બાવીસ પરિષહ અને પાંચ ચારિત્ર એમ ભાવસંવરના કુલ ૬૨ ભેદ છે. આ વ્રતાદિના પાલનથી નિ:સંશય કર્મોના આગમનનો નિરોધ થાય છે.

---

## નિર્જરા (૩૬)

जह कालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण।
भावेण सडदि णेया तस्सडणं येदि णिज्जरा दुविहा ॥ ३६ ॥

यथाकालं तपसा च भुक्तरसः कर्मपुद्गलो येन।
भावेन सडति ज्ञेया तस्सडनं चेति निर्जरा द्विविधा ॥ ३६ ॥

યોગ્ય સમયે તપ દ્વારા જેનું ફળ ભોગવાઈ ગયું છે તેવાં કર્મ પુદ્ગલ, આત્માના ભાવને કારણે ખરી પડે છે, તે ભાવનિર્જરા, અને કર્મ પુદ્ગલોનું ખરી પડવું તે દ્રવ્યનિર્જરા છે. આ પ્રમાણે નિર્જરાના બે પ્રકાર જાણવા.

યથાકાળે ઉદય પામીને જે કર્મોનું ફળ ભોગવાઈ જતાં કે તપ દ્વારા ખરી પડે છે કે નષ્ટ થાય છે તે નિર્જરા છે. કર્મફળનો નાશ થવો તે નિર્જરા છે. તેના બે પ્રકાર છે : ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરા.

આત્માના જે ભાવોથી કર્મ-પુદ્ગલ સ્થિતિ પૂરી કરીને, પોતાનું ફળ ભોગવાઈ જતાં ખરી પડે છે તેને ભાવનિર્જરા કહે છે. આ પ્રમાણે થતા કર્મક્ષયને સવિપાક ભાવનિર્જરા કહે છે અને તપ દ્વારા જે કર્મપુદ્ગલોનો ક્ષય થાય છે તેને અવિપાક ભાવનિર્જરા કહે છે.

કર્મપુદ્ગલોનું ખરી પડવું તે દ્રવ્યનિર્જરા છે. તેના પણ સવિપાક દ્રવ્યનિર્જરા અને અવિપાક દ્રવ્યનિર્જરા એવા બે ભાગ છે.

---

## મોક્ષનું સ્વરૂપ અને પ્રકાર (૩૭)

सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो।
णेओ स भावमुक्खो दव्वविमोक्खो य सम्मपुहभावो ॥ ३७ ॥

सर्वस्य कर्मणो यः क्षयहेतुरात्मनो हि परिणामः।
ज्ञेयः स भावमोक्षो द्रव्यविमोक्षश्च कर्मपृथग्भावः ॥ ३७ ॥

સર્વ કર્મોના ક્ષયના હેતુરૂપ જે આત્માનું પરિણામ છે, તેને ભાવમોક્ષ જાણવો અને આત્માથી દ્રવ્યોનું પૃથક્ થવું તેને દ્રવ્યમોક્ષ.

આત્માના સર્વ અશુદ્ધ પર્યાયનો નાશ થવો અને પૂર્ણ શુદ્ધ પર્યાયનું પ્રગટ થવું તે મોક્ષ છે. સામાન્ય રીતે સર્વ પ્રકારનાં કર્મોથી રહિત અશરીરી આત્માની આત્યંતિક, સ્વાભાવિક અને અનુપમ કેવળ જ્ઞાનાદિ ગુણોથી યુક્ત

અવસ્થાવિશેષને મોક્ષ કહેવામાં આવે છે.

અહીં ભાવ અને દ્રવ્યની દષ્ટિએ મોક્ષના બે પ્રકાર જણાવવામાં આવ્યા છે.

જે ભાવોથી સમસ્ત કર્મોનો ક્ષય થાય છે, તે ભાવમોક્ષ છે. અને તે કર્મોનું આત્માથી પૃથક્ થવું તે દ્રવ્યમોક્ષ છે.

---

**પુણ્ય અને પાપ (૩૮)**

सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा ।
सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च ॥ ३८ ॥

शुभाशुभभावयुक्ताः पुण्या पापा भवन्ति खलु जीवाः ।
सातं शुभायुर्नाम गोत्रं पुण्यं पराणि पापं च ॥ ३८ ॥

શુભ ભાવોથી યુક્ત જીવ પુણ્ય-જીવ અને અને અશુભ ભાવોથી યુક્ત જીવ પાપ - જીવ છે. સાતવેદનીય, શુભ આયુ, શુભ નામ, અને શુભ ગોત્ર તે પુણ્ય છે અને અન્ય (કર્મ) પાપ છે.

જીવ બે પ્રકારના છે : પુણ્યરૂપ અને પાપરૂપ. જે જીવ શુભ ભાવોથી યુક્ત છે તે પુણ્યરૂપ જીવ છે અને જે અશુભ ભાવોથી યુક્ત જીવ છે તે પાપરૂપ જીવ છે.

અહીં પુણ્ય અને પાપની વ્યાખ્યા પણ આપવામાં આવી છે.

જે સાતવેદનીય, શુભ આયુ, શુભ નામ અને શુભ ગોત્રરૂપ કર્મો છે તે પુણ્યરૂપ છે.

તથા અસાતવેદનીય, અશુભ આયુ, અશુભ નામ અને અશુભ ગોત્ર એ ચાર કર્મો પાપરૂપ છે.

એ નોંધપાત્ર છે કે અઘાતિ કર્મો પુણ્ય અને પાપ બંને સ્વરૂપના છે, પરંતુ સર્વ ઘાતિકર્મ પાપરૂપ જ છે.

---

# તૃતીય અધિકાર

## વ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગ (૩૯)

सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे ।
ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा ॥ ३९ ॥

सम्यग्दर्शनं ज्ञानं चरणं मोक्षस्य कारणं जानीहि ।
व्यवहारान्निश्चयतस्तत्त्रिकमयो निज आत्मा ॥ ३९ ॥

વ્યવહાર નયથી સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર તથા નિશ્ચય નય અનુસાર આ ત્રણે રૂપ પોતાનો આત્મા જ મોક્ષનો કારણરૂપ છે એમ તમે જાણો.

વ્યવહાર અને નિશ્ચય નય અનુસાર મોક્ષમાર્ગ બે પ્રકારનો છે: એક વ્યવહાર મોક્ષમાર્ગ અને બીજો નિશ્ચય મોક્ષમાર્ગ.

સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણેનો સમૂહ કે જેને 'ત્રિરત્ન' કહેવામાં આવે છે - તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. પરંતુ પોતાનો આત્મા, જે આ ત્રિરત્નરૂપ છે, તે જ નિશ્ચય નય અનુસાર મોક્ષમાર્ગ છે.

અર્થાત્ આ ત્રિરત્ન - ભેદરત્નત્રય જ વ્યવહાર મોક્ષમાર્ગ છે અને અભેદરત્નત્રય નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેથી ભેદાભેદાત્મક રત્નત્રયને મોક્ષના કારણરૂપ જાણવો જોઈએ.

---

## નિશ્ચય અનુસાર આત્મા જ મોક્ષમાર્ગ છે. (૪૦)

रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि ।
तम्हा तत्तियमइउ होदि हु मोक्खस्स कारणं आदा ॥ ४० ॥

रत्नत्रयं न वर्तते आत्मानं मुक्त्वाऽन्यद्रव्ये ।
तस्मात्तत्त्रिकमयो भवति खलु मोक्षस्य कारणमात्मा ॥ ४० ॥

આ રત્નત્રય આત્મા સિવાય અન્ય દ્રવ્યોમાં હોતાં નથી તેથી આ ત્રણ રત્નમય આત્મા જ ખરેખર મોક્ષના કારણરૂપ બને છે. ૪૦.

આત્માથી અતિરિક્ત રત્નત્રય અન્ય અચેતન દ્રવ્યોમાં ઉપલબ્ધ નથી. આથી, રત્નત્રયસ્વરૂપ આત્મા જ નિશ્ચય નય પ્રમાણે મોક્ષનું કારણ કહેવાય છે.

---

## સમ્યગ્દર્શન (૪૧)

जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु ।
दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जम्हि ॥ ४१ ॥

जीवादिश्रद्धानं सम्यक्त्वं रूपमात्मनस्ततु ।
दुरभिनिवेशविमुक्तं ज्ञानं सम्यक् खलु भवति सति यस्मिन् ॥ ४१ ॥

જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધા (પ્રતીતિ) હોવી તે સમ્યગ્દર્શન છે, તેને કારણે જ જ્ઞાન સંશયવિમુક્ત બનતા ખરેખર સમ્યક્ બને છે કે જે આત્માનું જ સ્વરૂપ છે. ૪૧.

જીવાદિ તત્ત્વોમાં 'આ છે', 'આ પ્રકારનું છે' એવી નિશ્ચલ, નિર્મળ, દઢ શ્રદ્ધા, રૂચિ અને પ્રતીતિનું હોવું તે જ સમ્યગ્દર્શન છે. તે હોવાથી જ્ઞાન અનેક પ્રકારના સંશયોથી વિમુક્ત બને છે અને તે સમ્યક્જ્ઞાન કહેવાય છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી, ત્યાં સુધી સંશયોથી રહિત બની શકાતું નથી, તેથી સમ્યક્ત્વનું મહત્વ સવિશેષ છે.

---

## સમ્યગ્ જ્ઞાનનું સ્વરૂપ (૪૨)

संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स ।
गहणं सम्मंणाणं सायारमणेयभेयं तु ॥ ४२ ॥

संशयविमोहविभ्रमविवर्जितमात्मपरस्वरूपस्य ।
ग्रहणं सम्यग्ज्ञानं साकारमनेकभेदं च ॥ ४२ ॥

સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત આત્માનું અને પરસ્વરૂપનું ગ્રહણ કરવું તે સમ્યગ્જ્ઞાન છે, તે સાકાર, સવિકલ્પ અને અનેક ભેદથી યુક્ત છે.

પદાર્થના આકાર દ્વારા - ઉદાહરણ તરીકે 'આ ઘટ છે' ઈત્યાદિ વિકલ્પરૂપ જાણવું તે જ્ઞાનનું લક્ષણ છે. સંશય, વિમોહ અને વિભ્રમ આ ત્રણ મિથ્યા જ્ઞાનથી રહિત બનીને આત્મસ્વરૂપ કે પરસ્પરરૂપને યોગ્ય રીતે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. તે વસ્તુસ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરાવે છે - તેથી તેને સાકાર અર્થાત્ સવિકલ્પ કહ્યું છે.

આ જ્ઞાન મતિજ્ઞાન વગેરે અનેક પ્રકારનું છે. - જેનું 'ઉપયોગ' વિશે વિચાર કરતા વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. અહીં મોક્ષમાર્ગનું નિરૂપણ હોવાથી શ્રુતજ્ઞાન વિવક્ષિત છે, કારણ કે શ્રુતજ્ઞાન જ મુખ્યત્વે આત્મા અને પરસ્વરૂપનું મુમુક્ષુને જ્ઞાન આપે છે. આ શ્રુતજ્ઞાન 'દ્વાદશાંગ' સ્વરૂપ છે, તથા તેના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ મુખ્ય બે પ્રકાર છે. અંગપ્રવિષ્ટના પણ આચારાંગ વગેરે ૧૨ પ્રકાર છે.

---

## દર્શનોપયોગનું સ્વરૂપ (૪૩)

जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समए ॥ ४३ ॥

यत्सामान्यं ग्रहणं भावानां नैव कृत्वाऽऽकारम् ।
अविशेषयित्वाऽर्थान् दर्शनमिति भण्यते समये ॥ ४३ ॥

આકારાદિનો ભેદ કે વિશેષતારહિત, પદાર્થોનું જે સામાન્ય ગ્રહણ છે તેને દર્શન કહેવામાં આવે છે. ૪૩

'આ ત્રિકોણ છે', 'આ ચોરસ છે' વગેરેનો ભેદ કર્યા વગર જે નિર્વિકલ્પ

રીતે પદાર્થનું ગ્રહણ કરવામાં આવે છે, તે દર્શન છે, જે જ્ઞાન પહેલા ઉદ્ભવે છે.

જ્ઞાન અને દર્શનની ભિન્નતા દર્શાવતા અહીં જણાવ્યું છે કે સાકાર - સવિકલ્પ ગ્રહણ જ્ઞાન છે. અને નિરાકાર - નિર્વિકલ્પ ગ્રહણ દર્શન છે. 'આ ઘટ છે', 'આ પટ છે', 'આ કૃષ્ણ છે', 'આ શુક્લ છે' - વગેરે રીતે પદાર્થોમાં ભેદ કર્યા વગર જે તેમનું સત્તાવલોકરૂપ સામાન્ય ગ્રહણ છે તે 'દર્શન' છે. તથા વિકલ્પને કારણે 'આ ઘટ છે', 'આ પટ છે' - એમ જે વિશેષરૂપે ગ્રહણ થાય છે તે જ્ઞાન છે.

અર્થાત્ વિકલ્પરહિત ગ્રહણ થાય છે તે દર્શન છે અને ઘટાદિનો વિકલ્પ હોય તો તેને જ્ઞાન કહેવામાં આવે છે.

આ દર્શન સમ્યગ્દર્શનથી પણ ભિન્ન છે. દર્શન સામાન્યાવલોકન છે અને સમ્યગ્દર્શન સમ્યક્ શ્રદ્ધારૂપ છે. બીજું દર્શન સર્વ જીવો માટે સામાન્ય છે પણ સમ્યગ્દર્શન કેવળ સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત જીવોને જ થાય છે. અને દર્શન મોક્ષમાર્ગમાં અનુપયોગી છે, જ્યારે સમ્યક્દર્શન મોક્ષમાર્ગમાં ઉપયોગી છે.

---

**દર્શન અને જ્ઞાન (૪૪)**

दंसणपुव्वं णाणं छदुमत्थाणं ण दोण्णि उवओगा।
जुगवं जम्हा केवलि-णाहे जुगवं तु ते दो वि ॥ ४४ ॥

दर्शनपूर्वं ज्ञानं छद्मस्थानां न द्वावुपयोगा।
युगपत् यस्मात् केवलिनाथे युगपत्तु तौ द्वावपि ॥ ४४ ॥

અલ્પ જ્ઞાનીઓને જ્ઞાનની પૂર્વે દર્શન થાય છે, બંને ઉપયોગો યુગપત્ હોતા નથી, જ્યારે કેવલી (સંજ્ઞા) માટે બંને ઉપયોગ યુગપત્ હોય છે. ૪૪.

અલ્પપ્રજ્ઞોને દર્શન અને જ્ઞાનોપયોગની ક્રમશ: પ્રાપ્તિ થાય છે, બંને ઉપયોગ એકસાથે પ્રગટ થતા નથી. પ્રથમ દર્શન થાય છે, પશ્ચાત્ જ્ઞાન થાય છે, કારણ કે તેમના માટે આ બંને ઉપયોગ ક્ષાયોપશમિક હોય છે. પરંતુ

સર્વજ્ઞને આ બંને ઉપયોગ એકસાથે થાય છે, ક્રમશઃ નહીં. કારણ કે બંને ઉપયોગોને બંને આવરણોનો અભાવ એકસાથે થાય છે.

---

**વ્યવહાર ચારિત્ર અને તેના ભેદ (૪૫)**

असुदाहो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं ।
वदसमिदिगुत्तिरूवं ववहारणया दु जिणभणियं ।। ४५ ।।

अशुभाद्विनिवृत्तिः शुभे प्रवृत्तिश्च जानीहि चारित्रम् ।
व्रतसमितिगुप्तिरूपं व्यवहारनयात्तु जिनभणितम् ।। ४५ ।।

અશુભ(પ્રક્રિયાઓ)માંથી નિવૃત્તિ અને શુભ(ક્રિયાઓ)માં પ્રવૃત્તિ વ્યવહાર નય અનુસાર, તેને ચારિત્ર જાણો, કે જે વ્યવહાર નય અનુસાર વ્રત - સમિતિ - ગુપ્તિરૂપ છે એમ જિનદેવે કહ્યું છે. ૪૫

હિંસા, અસત્ય-ભાષણ, ચોરી, કુશીલ, પરિગ્રહાસક્તિ, દંભ વગેરે અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો અને જિનપૂજા, દાન, પરોપકાર, વૈયાવૃત્ય વગેરે શુભ કાર્યોનો આરંભ કરવો તેમાં જોડાવું - તેને વ્યવહાર નય અનુસાર જિનદેવે ચારિત્ર કહ્યું છે.

પાંચ વ્રતોનું આચરણ, પાંચ સમિતિઓનું પાલન અને ત્રણ ગુપ્તિઓના આરાધનરૂપ આ ચારિત્રના તેર પ્રકાર જણાવવામાં આવ્યા છે, અથવા દેશચારિત્ર અને સકલચારિત્રની દૃષ્ટિએ વ્યવહારચારિત્રના બે પ્રકાર માનવામાં આવે છે.

દેશચારિત્ર ત્રણ પ્રકારનું અને અન્ય દૃષ્ટિએ બાર પ્રકારનું છે.

તેના ત્રણ ભેદ આ પ્રમાણે છે : અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત. તથા બાર પ્રકાર આ પ્રમાણે છે : પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

અહિંસા, સત્ય, ઔચાર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહપ્રમાણ આ પાંચ અણુવ્રત છે.

દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદણ્ડવ્રત આ ત્રણ ગુણવ્રત છે. સામાયિક

પૌષધોપવાસ, ભોગોપયોગ અને અતિથિ સંવિભાગ આ ચાર શિક્ષાવ્રત છે. આ પ્રમાણે દેશચારિત્રના બાંર પ્રકાર છે.

આ સર્વ ચારિત્રના પ્રકાર ગૃહસ્થો માટે છે. સાધુઓનું ચારિત્ર સકલચારિત્ર કહેવાય છે. જે અટ્ઠાવીસ મૂળ-ગુણરૂપ છે. તેનું નિરંતર પાલન કરીને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કરવા માટે તેઓ પ્રયત્નશીલ રહે છે.

અહીં આ પ્રમાણે વ્યવહારચારિત્રનું સંક્ષેપમાં નિરૂપાણ કરવામાં આવ્યું છે.

---

## નિશ્ચયચારિત્રનું લક્ષાણ (૪૬)

बहिरब्भंतर किरियारोहो भवकारणप्पणासट्ठं ।
णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं ॥ ४६ ॥

बहिरभ्यन्तरक्रियारोधो भवकारणप्रणाशार्थम् ।
ज्ञानिनो यज्जिनोक्तं तत्परमं सम्यक्चारित्रम् ॥ ४६ ॥

ભવ (ઉત્પત્તિના) કારણના નાશ માટે જ્ઞાનીઓ દ્વારા બાહ્ય અને આભ્યંતર ક્રિયાઓનો જે નિરોધ કરવામાં આવે છે તે જ જિનેન્દ્ર દ્વારા કથિત નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે. ૪૬.

આંતરિક અને બાહ્ય વૃત્તિ - પ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરીને આત્મામાં સ્થિર થવું તે જ નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે, જે મહામુનિઓ માટે જ વિશેષત: સંભવિત છે. સંસારથી મુક્ત થવા માટે જ્ઞાનીજનો સર્વ પ્રકારની વાચિક, કાયિક અને માનસિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દે છે. તેમનું આ આચરણ નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે. જ્યાં સુધી કાયિક - વાચિક અને માનસિક વ્યાપાર ચાલુ રહે છે ત્યાં સુધી આત્મામાં સ્થિર થવાનું સંભવિત નથી અને તે વગર નિશ્ચય ચારિત્ર સિદ્ધ કરી શકાતું નથી.

---

## ધ્યાનના અભ્યાસનું મહત્ત્વ (૪૭)

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।
तम्हा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥ ४७ ॥

द्विविधमपि मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यन्मुनिर्नियमात्।
तस्मात्प्रयत्नचित्ता यूयं ध्यानं समभ्यसत ॥ ४७ ॥

મુનિજનો નિયમપૂર્વક ધ્યાન કરીને બંને પ્રકારના (નિશ્ચય અને વ્યવહાર) મોક્ષના કારણને પ્રાપ્ત કરે છે. તેથી તમે પ્રયત્નચિત્ત થઈને સમ્યક્ પ્રકારે ધ્યાનનો અભ્યાસ કરો. ૪૭.

નિશ્ચય અને વ્યવહાર બંને મોક્ષમાર્ગની પ્રાપ્તિનું મુખ્ય સાધન ધ્યાન છે. મુનિજનો ધ્યાન દ્વારા પૂર્વોક્ત બંને પ્રકારના મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે. તેથી તમે ધ્યાનનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરો.

---

## ધ્યાનસિદ્ધિનો માર્ગ (૪૮)

मा मुज्झह मा रज्जह मा दूसह इट्ठणिट्ठअट्ठेसु।
थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धिए ॥ ४८ ॥

मा मुह्यत मा रज्यत मा द्विष्यत इष्टानिष्टार्थेषु।
स्थिरमिच्छत यदि चित्तं विचित्रध्यानप्रसिद्ध्यै ॥ ४८ ॥

'पदस्थं मंत्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम्।
रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम् ॥ इति ॥ ४८ ॥

અનેક પ્રકારના ધ્યાનની સાધના (સિદ્ધિ) માટે ચિત્તને સ્થિર કરવા ઈચ્છતા હો તો ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં મોહ ન પામો, આસક્ત ન થાઓ (અને) દ્વેષ ન કરો. ૪૮.

મોહ, રાગ અને દ્વેષ દ્વારા ચિત્તની એકાગ્રતા સંભવી શકતી નથી, તેથી મોહ-રાગ-દ્વેષનો ત્યાગ અતિ આવશ્યક છે.

અનેક પ્રકારના ધ્યાનની સાધના સિદ્ધ કરવી હોય તો સાંસારિક સંબંધો અને ચીજવસ્તુઓ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો જરૂરી છે. દ્વિવિધ મોક્ષમાર્ગ માટે ધ્યાન મુખ્ય સાધન છે. ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. એટલે ધ્યાનની સાધના માટે ચિત્તને એકાગ્ર કરવું, સ્થિર કરવું આવશ્યક છે. પરંતુ ઈષ્ટ - અનિષ્ટ વસ્તુઓ પ્રત્યેના રાગ - દ્વેષ કે મોહને કારણે ચિત્ત એકાગ્ર થઈ શકતું નથી. જ્યાં સુધી ઈષ્ટ વસ્તુઓ પ્રત્યેનો મોહ અને રાગ તથા અનિષ્ટ વસ્તુઓ પ્રત્યેનો દ્વેષ મનમાં રહેશે ત્યાં સુધી ચિત્તની ચંચળતા દૂર થઈ શકશે નહિ. ચંચળ ચિત્ત એકાગ્ર થઈ શકતું ન હોવાથી ધ્યાન સિદ્ધ થતું નથી. અને ધ્યાન સિદ્ધિ વગર દ્વિવિધ મોક્ષમાર્ગની પ્રાપ્તિ પણ અસંભવ છે. તેથી ધ્યાતા માટે મોહ, રાગ અને દ્વેષ આ ત્રણ આત્મકલ્યાણ એટલે કે ધ્યાન માટે વિઘ્નરૂપ શત્રુઓથી પોતાની રક્ષા કરવી અનિવાર્ય છે. તો જ તે વિવિધ પ્રકારના ધ્યાનની સાધના કરી શકે છે.

ધ્યાનના ચાર પ્રકાર છે: આર્દ્ર, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ, તેમાં આરંભના આર્દ્ર અને રૌદ્ર ધ્યાન સંસારના કારણરૂપ છે, તેથી તે ત્યાજ્ય છે. અને ધર્મ્ય તથા શુક્લ ધ્યાન મોક્ષના કારણરૂપ હોવાથી ઉપાદેય છે.

ધર્મધ્યાનના ચાર પ્રકાર છે : આજ્ઞા - વિચય, અપાય - વિચય, વિપાક - વિચય અને સંસ્થાન - વિચય.

પોતાની મંદબુદ્ધિ હોવાથી, ઉપદેષ્ટા ન હોવાથી, કર્મનો ઉદય થવાથી અને પદાર્થોના સૂક્ષ્મ થવાથી - તેમના હેતુઓ અને દષ્ટાન્તો દ્વારા નિર્ણય ન થઈ શકવાને કારણે સર્વજ્ઞ - પ્રણીત આગમને પ્રમાણરૂપ માનીને 'આ આ પ્રમાણે જ છે, જિન અન્યથાવત બની શકતા નથી'. એ પ્રમાણે જિનોક્ત આજ્ઞાથી એ સૂક્ષ્મ પદાર્થોનો નિશ્ચિતરૂપથી સ્વીકાર કરવો - તે આજ્ઞાવિચય નામનું પ્રથમ ધર્મ્ય ધ્યાન છે.

સન્માર્ગથી ચ્યુત થતા જીવોને જોઈને, તેમના સન્માર્ગથી અપાય (ચ્યુત) થવા અંગેના હેતુનું ચિંતન કરવું તે અપાયવિચય નામનું બીજું ધર્મ્ય ધ્યાન છે. અથવા આ પ્રાણી મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રથી કેવી રીતે મુક્ત થશે - તે પ્રમાણે નિરંતર ચિંતન કરવું તે અપાય - વિચય ધર્મ્ય - ધ્યાન છે.

જ્ઞાનાવરણાદિ કર્મોના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવનિમિત્તક ફળના અનુભવ પ્રતિ ઉપયોગનું હોવું વિપાકવિચય ધર્મ્ય ધ્યાન છે.

લોકના આકાર અને સ્વરૂપનું નિરંતર ચિંતન કરવું તે સંસ્થાનવિચય ધર્મ્ય ધ્યાન છે. આ ધર્મ્ય ધ્યાનથી સંસાર, શરીર અને ભોગોથી વિરક્તિનો ભાવ દઢ થાય છે તથા આગામી કર્મોના સંવર અને સંચિત કર્મોની નિર્જરા થાય છે.

શુક્લ ધ્યાનના પણ ચાર પ્રકાર છે : પૃથકત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાપ્રતિપત્તિ અને વ્યુપરતક્રિયાનિવૃત્તિ.

પૃથકત્વવિતર્ક - ધ્યાનમાં વિતર્ક અને વિચાર બંને હોય છે. વિશેષરૂપે તર્ક કરવો તે શ્રુતભાવને વિતર્ક કહે છે અથવા અર્થ, વ્યંજન તથા યોગના પરિવર્તનને વિચાર કહે છે. જે ધ્યાનમાં શુભ અને શુદ્ધ માનસ વિકલ્પોની સાથે દ્રવ્યથી પર્યાય અને પર્યાયથી દ્રવ્ય, એક શ્રુતવચનથી બીજું શ્રુતવચન અને બીજા શ્રુતવચનથી પ્રથમ અથવા અન્ય શ્રુતવચન તથા કાર્યયોગ પર ઉપયોગને સ્થિર કરવામાં આવે તે વિચાર નામનું પ્રથમ શુક્લ ધ્યાન છે. આ ધ્યાનથી મોહનીયની કર્મ- પ્રકૃત્તિઓનો ઉપશમ કરે છે અથવા ક્ષય કરે છે. આ ધ્યાનનો ધ્યાતા વિતર્ક અને વિચારયુકત મનથી મોહરૂપી વૃક્ષને ચિરકાળમાં છેદે છે.

એકત્વવિતર્ક નામના દ્વિતીય શુકલ ધ્યાનથી ધ્યાતા સમૂલ મોહનીય કર્મોનો નાશ કરે છે, કે જે કર્મો અનંતગણી વિશુદ્ધિઓને કારણે જ્ઞાનવરણની સહાયભૂત પ્રકૃતિઓના બંધન રોકે છે, તે કર્મોની સ્થિતિને ન્યૂન અથવા નષ્ટ કરે છે. તે ધ્યાતા શ્રુતજ્ઞાનના ઉપયોગથી યુકત છે. પરઅર્થ, વ્યંજન અને યોગની સંક્રાન્તિથી રહિત છે, નિશ્ચલ મનવાળો, ક્ષીણ- કષાય અને વૈદૂર્યમણિની સમાન નિરૂપલેપ છે. તે ધ્યાન સિદ્ધ કરીને સંસારમાં પુન: આવતો નથી. આ ધ્યાનથી શેષ ત્રણ ઘાતિકર્મો - જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો નાશ અને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સયોગી જિનપુરુષ, જ્યારે અન્તર્મુહૂર્ત આયુષ્ય શેષ રહે છે તથા વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિ આયુષ્યની સમાન હોય છે ત્યારે સર્વ પ્રકારના વચનયોગ, મનોયોગ અને બાદરકાયયોગનો ત્યાગ કરીને તથા

સૂક્ષ્મકાયયોગનો આશ્રય લઈને જે ધ્યાનનો અભ્યાસ કરે છે તે સૂક્ષ્મક્રિયાપ્રતિપત્તિ નામનું ત્રીજા પ્રકારનું શુક્લ ધ્યાન છે. એ સયોગીજનનું આયુષ્ય અન્તર્મુહૂર્ત હોય પણ શેષ કર્મોની સ્થિતિ અધિક હોય તો તે આત્માના અતિશય વિશેષ એટલે કેવલીસમુદ્‌ઘાત દ્વારા શેષ કર્મોની સ્થિતિને શેષ આયુષ્યની સમાન કરીને સૂક્ષ્મકાયયોગ દ્વારા સૂક્ષ્મક્રિયાપ્રતિપપત્તિ ધ્યાનનો આરંભ કરે છે.

વ્યુપરતક્રિયાનિવૃત્તિ અથવા સમુચ્છિન્નક્રિયાનિવૃત્તિ નામના ચોથા શુક્લ ધ્યાનમાં જ્ઞાનીની સમસ્ત ક્રિયાઓ સૂક્ષ્મ પણ - વિરત બની જાય છે - સર્વ પ્રકારની ક્રિયાઓનું ઉપશમન થઈ જાય છે. આ ધ્યાનમાં સર્વ પ્રકારના કર્મબંધના આસ્રવ રોકાઈ જવાથી તથા શેષ સર્વ અઘાતિકર્મોનો નાશ કરવાની શક્તિ ઉત્પન્ન થવાથી કેવલી પુરુષ સંસારના દુ:ખમાંથી વિમુક્તિ અપાવનાર યથાખ્યાત ચારિત્ર, જ્ઞાન અને સમ્યક્‌દર્શનરૂપ સાક્ષાત મોક્ષકારણને પ્રાપ્ત કરી લે છે.

આ પ્રમાણે શુક્લ ધ્યાન દ્વારા શુદ્ધાત્મા પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે. આ ધ્યાન બંને મોક્ષના હેતુરૂપ બને છે.

ગાથોક્ત 'વિચિત્રધ્યાન' પદ દ્વારા પદસ્થ, પિણ્ડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારના ધ્યાનનો પણ નિર્દેશ થાય છે.

મંત્રવાક્યોનું ધ્યાન પદસ્થ, આત્માનું ચિંતન પિણ્ડસ્થ, સમસ્ત ચિદ્રૂપનું ધ્યાન રૂપસ્થ અને નિરંજનનું ચિંતન રૂપાતીત ધ્યાન છે.

---

**ધ્યાન માટેના મંત્ર (૪૯)**

पणतीससोलछप्पणचदुदुगमेगं च जवह झाएह ।
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण ॥ ४९ ॥

पञ्चत्रिंशत् षोडश षट् पञ्च चत्वारि द्विकमेकं च जपत ध्यायत ।
परमेष्ठिवाचकानामन्यच्च गुरुपदेशेन ॥ ४९ ॥

પરમેષ્ઠીવાચક પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરવાળા મંત્રોનો અથવા ગુરૂ દ્વારા ઉપદેશિત અન્ય મંત્રોનો પણ જાપ કરો અને ધ્યાન કરો. ૪૯

પ્રસિદ્ધ નવકાર મંત્ર પાંત્રીસ અક્ષરનો છે, 'અરિહન્ત સિદ્ધ આઈરિય ઉવજ્ઝાય સાહુ - આ સોળ અક્ષરનો મંત્ર છે, 'અરિહન્ત સિદ્ધ', 'ઓમ નમ: સિદ્ધેભ્ય' - તેમાં છ અક્ષર છે. 'અસિ આ ઉસા' માં પાંચ, અરિહન્તમાં ચાર, સિદ્ધમાં બે અને ઓમ(ॐ) અથવા હ્રીં માં એક અક્ષર છે. આ મંત્રનો જાપ અથવા ધ્યાન કરવાં જોઈએ. અથવા ગુરૂની આજ્ઞાથી સિદ્ધ ચક્ર વગેરે મંત્રોનો જાપ અથવા ધ્યાન કરવા જોઈએ. મંત્રસ્મરણ તથા ધ્યાનથી આલોક તથા પરલોકમાં ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.

---

**અરહંત પરમેષ્ઠી (૫૦)**

णट्ठचदुघाइकम्मो दंसण-सुह-णाण-वीरिय-मइओ ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ॥ ५० ॥

नष्टचतुर्घातिकर्मा दर्शनसुखज्ञानवीर्यमयः ।
शुभदेहस्थ आत्मा शुद्ध अर्हद्विचिन्तनीयः ॥ ५० ॥

જેણે ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો છે, જે (અનંત) દર્શન, સુખ, જ્ઞાન (અને) વીર્ય (એ ચાર ગુણવિશેષો)થી યુક્ત છે; જે શુભ (પરમૌદારિક દિવ્ય) શરીરમાં સ્થિત છે, (અને) શુદ્ધ (અર્થાત્ દોષરહિત) છે તે અર્હન્ત છે, તેઓ ધ્યાનાર્હ છે. ૫૦.

જેણે ચારે ઘાતિકર્મોનો સર્વથા નાશ કર્યો છે; અનંત દર્શન અનંત જ્ઞાન, અનન્ત સુખ અને અનન્તવીર્ય - આ ચાર ગુણાવિશેષોને - અનન્તચતુષ્ટયને પ્રાપ્ત કરી લીધા છે. શુભ એટલે કે પરમ ઔદારિક દિવ્ય શરીરમાં સ્થિત છે; ક્ષુધા વગેરે અઢાર દોષોથી રહિત હોવાને કારણે શુદ્ધ છે. તે આત્મા અર્હંત પરમેષ્ઠી છે. તેઓ ધ્યાન કરવા યોગ્ય છે.

---

## સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ (૫૧)

णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा।
पुरिसायारो अप्पा सिद्धो झाएह लोय-सिहरत्थो ॥ ५१ ॥

नष्टाष्टकर्मदेहो लोकालोकस्य ज्ञायको द्रष्टा।
पुरुषाकार आत्मा सिद्धो ध्यायेत लोकशिखरस्थः ॥ ५१ ॥

જેણે આઠ કર્મરૂપી દેહનો નાશ કર્યો છે. જે લોક - અલોકને જાણનાર (અને) દૃષ્ટા છે; પુરુષાકાર છે; લોક-શિખર પર બિરાજમાન છે તે આત્મા સિદ્ધ છે. (તેમનું) ધ્યાન કરો. ૫૧.

આત્મગુણને રોકનાર પુદ્ગલવિશેષને કર્મ કહે છે. આ કર્મોને કારણે જીવ સ્વતંત્ર થઈ શકતો નથી. કર્મફળની પરંપરામાં તે પરાધીન બની રહે છે. આ કર્મો ત્રણ પ્રકારનાં છે : દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ. જ્ઞાનાવરણાદિ આઠ કર્મ દ્રવ્યકર્મ છે. રાગ-દ્વેષ - મોહાદિ આત્મવિકાર ભાવકર્મ છે. અને શરીરાદિ બાહ્ય પુદ્ગલ નોકર્મ છે. જે આત્મા આ ત્રણે પ્રકારનાં કર્મોથી રહિત છે; જે લોક અને અલોકનો જ્ઞાતા તથા દૃષ્ટા છે; અંતિમ શરિર કરતાં થોડા નાના આકારવાળો છે અને લોકના અગ્ર ભાગમાં સ્થિત છે તે સિદ્ધ પરમેષ્ઠી છે. તેમનું ધ્યાન કરવું જોઈએ.

---

## આચાર્ય પરમેષ્ઠી (૫૨)

दंसण-णाण-पहाणे वीरियचारित्तवरतवायारे।
अप्पं परं च जुंजइ सो आइरिओ मुणी झेओ ॥ ५२ ॥

दर्शनप्रधाने वीर्यचारित्रवरतप आचारे।
आत्मानं परं च युनक्ति स आचार्यो मुनिर्ध्येयः ॥ ५२ ॥

જે મુનિ દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર (અને) ઉત્તમ તપરૂપી આચારમાં પોતાને અને અન્યને જોડે છે. તે આચાર્ય ધ્યાનાર્હ છે. ૫૨.

જે મહાત્મા પોતે દર્શનાચાર, જ્ઞાનાચાર, વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચારનું પોતે પણ પાલન કરે છે અને અન્યને પણ તેમાં પ્રેરે છે. તે આચાર્ય પરમેષ્ઠી છે. તે આચાર્ય પરમેષ્ઠીનું ધ્યાન કરવું જોઈએ.

---

**ઉપાધ્યાય પરમેષ્ઠી (૫૩)**

जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवएसणे णिरदो ।
सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥ ५३ ॥

यो रत्नत्रययुक्तो नित्यं धर्मोपदेशने निरतः ।
स उपाध्याय आत्मा यतिवरवृषभो नमस्तस्मै ॥ ५३ ॥

જે રત્નત્રયથી યુક્ત છે, નિત્ય ધર્મોપદેશમાં સંલગ્ન રહે છે, યતીશ્વરોમાં પણ શ્રેષ્ઠ છે તે આત્મા ઉપાધ્યાય છે, તેમને અમારા નમસ્કાર હો ! ૫૩.

જે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયથી યુક્ત છે, શોભિત છે; જે સદા ધર્મનો ઉપદેશ કરે છે અને વિશિષ્ટ જ્ઞાની હોવાને કારણે સંઘના મુનિવરોમાં પણ શ્રેષ્ઠ છે તે આત્મા ઉપાધ્યાય પરમેષ્ઠી છે. તેમને અમારા દ્રવ્ય અને ભાવરૂપ - એમ બંને પ્રકારના નમસ્કાર છે.

---

**સાધુ પરમેષ્ઠી (૫૪)**

दंसण-णाण-समग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं ।
साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ॥ ५४ ॥

दर्शनज्ञानसमग्रं मार्गं मोक्षस्य यो हि चारित्रम् ।
साधयति नित्यशुद्धं साधुः सो मुनिर्नमस्तस्मै ॥ ५४ ॥

જે મુનિ મોક્ષના માર્ગરૂપ દર્શન, (અને) જ્ઞાનયુક્ત નિત્ય શુદ્ધ ચારિત્રની સાધના કરે છે તે સાધુ છે, તેને અમારા નમસ્કાર ! ૫૪.

જે મુનિ સંપૂર્ણ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગની સાધના કરે છે તે સાધુ પરમેષ્ઠી છે. તે સર્વ દ્વારા ધ્યાન કરવા યોગ્ય છે, તેમને અમારા વિનમ્ર નમસ્કાર છે.

---

**નિશ્ચય ધ્યાનનું લક્ષણ (૫૫)**

जं किं चि वि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू।
लद्धूण य एयत्तं तदाहु तं तस्स णिच्छयं झाणं ॥ ५५ ॥

यत्किञ्चिदपि चिन्तयन्निरीहवृत्तिर्भवति यदा साधुः।
लब्ध्वा चैकत्वं तदाऽऽहुस्तस्य निश्चयं ध्यानम् ॥ ५५ ॥

જે કોઈ (વસ્તુ) નું ધ્યાન કરતા સાધુ જ્યારે (સમસ્ત) સ્પૃહાઓથી રહિત બની જાય છે અને ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરે છે ત્યારે તેનું તે (ધ્યાન) નિશ્ચય ધ્યાન કહેવાય છે.

પૂર્ણતયા નિર્વિકલ્પ બનીને, એકાગ્ર ચિત્તથી જ્યારે સાધુ ધ્યાન કરે છે, ત્યારે તે તેનું નિશ્ચય ધ્યાન કહેવાય છે.

ચિત્તને એકાગ્ર કરીને જ્યારે કોઈ પણ ધ્યેય વસ્તુનું - દ્રવ્ય અથવા પર્યાય વગેરેનું ચિંતન કરતા કરતા સાધુ જ્યારે સમગ્ર ઈચ્છાઓથી રહિત, નિસ્પૃહી બની જાય છે ત્યારે તે નિશ્ચય ધ્યાનની પ્રાપ્તિ કરે છે. આ ઉત્કૃષ્ટ કોટિનું ધ્યાન મનાય છે. વાસ્તવિક રીતે જ્યાં સુધી ચિત્ત એકાગ્ર ન બને ત્યાં સુધી નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થઈ શકતી નથી અને જ્યાં સુધી નિર્વિકલ્પ અવસ્થા સાધ્ય બનતી નથી ત્યાં સુધી નિશ્ચય જ્ઞાન મળવું દુર્લભ છે. અતઃ નિશ્ચય ધ્યાનની પ્રાપ્તિ માટે ચિત્તને એકાગ્ર કરીને સર્વ વિકલ્પોનો ત્યાગ કરવો જરૂરી છે.

### પરમ ધ્યાનનું લક્ષણ (૫૬)

मा चिट्ठह मा जंपह मा चिंतह किंवि जेण होइ थिरो।
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे झाणं ॥ ५६ ॥

मा चेष्टत मा जल्पत मा चिन्तयत किमपि येन भवति स्थिरः।
आत्माऽऽत्मनि रत इदमेव परं ध्यानं भवति ॥ ५६ ॥

ચેષ્ટા ન કરો, કંઈ પણ બોલો નહીં, ચિંતન કરો નહીં જેથી આત્મા આત્મામાં સ્થિર (અને) તલ્લીન બને છે. આ જ પરમ ધ્યાન છે. ૫૬.

મુનિજનો - આચાર્યો ધર્મોપદેશ આપતા કહે છે કે તમે શુભાશુભ ચેષ્ટારૂપ કોઈ કર્મ ન કરો, શુભાશુભ વાણી-વ્યાપાર ન કરો કે શુભાશુભ મનોવિકલ્પરૂપ કોઈ માનસિક ક્રિયાઓ પણ કરશો નહીં ! આ પ્રમાણે સર્વ પ્રકારના કાયિક, વાચિક અને માનસિક વ્યાપારોનો નિરોધ થવાથી આત્મા સ્થિર બનીને અને જ્ઞાનાનંદસ્વભાવવાળા નિજાત્મામાં તન્મય થશે. આ રીતે આત્માનું આત્મામાં તલ્લીન થવું તે જ ઉત્કૃષ્ટ ધ્યાન છે - નિશ્ચય ધ્યાન છે અને સાક્ષાત્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટેનો ઉપાય છે.

---

### ધ્યાનનું કારણ (૫૭)

तव सुद वदवं चेदा झाण रह धुरंधरो हवे जम्हा।
तम्हा तत्तिय णिरदा तल्लद्धीए सदा होह ॥ ५७ ॥

तपःश्रुतव्रतवान् चेता ध्यानरथधुरन्धरो भवति यस्मात्।
तस्मात्तत्त्रिकनिरतास्तल्लब्ध्यै सदा भवत ॥ ५७ ॥

તપસ્વી, શ્રુતવાન અને વ્રતવાન ચેતાત્મા ધ્યાનરૂપી રથની ધુરાને ધારણ કરનાર બને છે, તેથી તે (ધ્યાનની) પ્રાપ્તિ માટે તે ત્રણેમાં સદા લીન બની રહો. ૫૭.

તપસ્વી; શ્રુતવાન અને વ્રતવાન આત્મા ધ્યાનરૂપી રથને લઈ જવા માટે સમર્થ બને છે. અર્થાત્ તે ધ્યાનની સિદ્ધિ સાધી શકે છે. તેથી જે સાધકો ધ્યાનસિદ્ધિ ઈચ્છતા હોય તેમણે આ ત્રણ - તપ - શ્રુત અને વ્રતમાં સદા લીન રહેવું જોઈએ. તપ-શ્રુત અને વ્રત દ્વારા જ ધ્યાન સિદ્ધ કરી શકાય છે. જે સદા અનશનાદિ તપોનું આચરણ કરે છે, શ્રુતાભ્યાસમાં લીન રહે છે અને સંયમની આરાધના કરે છે, તે જ વસ્તુતઃ ધ્યાતા બની શકે છે - અને ધ્યાનની પ્રાપ્તિ કરી શકે છે.

---

**ગ્રંથકર્તાનું નિવેદન (૫૮)**

दव्वसगहमिणं मुणिणाहा दोस-संचय-चुदा सुद-पुण्णा ।
सोधयंतु तणु-सुत्त-धरेण णेमिचंदमुणिणा भणियं जं ॥ ५८ ॥

द्रव्यसंग्रहमिनं मुनिनाथाः दोषसंचयच्युताः श्रुतपूर्णाः
शोधयन्तु तनुसूत्रधरेण मिनेचन्द्रमुनिना भणितो यः ॥ ५८ ॥

મેં અલ્પજ્ઞાની નેમિચંદ્રમુનિએ જે આ દ્રવ્યસંગ્રહની રચના કરી છે, તેમાં રહેલા દોષસમૂહને શ્રુતનિષ્ણાત મુનિપ્રવરો શુદ્ધ કરે. ૫૮.

આ અંતિમ ગાથા દ્વારા ગ્રંથકાર શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવ નમ્રતાપૂર્વક જણાવે છે કે તેમાં અનેક રીતે ન્યૂનતાદિ દોષો હોવાની સંભાવના છે. તો મદ-માત્સર્યાદિ દોષોથી રહિત અને શ્રુતમાં વિદ્વાન શ્રેષ્ઠ મુનિજનો તે દોષોને દૂર કરીને તેને શુદ્ધ કરે.

આ પ્રમાણેના ગ્રંથકારના પરોક્ષ નિવેદનથી આ ગ્રંથની સમાપ્તિ થાય છે.

---

# પરિશિષ્ટ

## દ્રવ્યસંગ્રહની પ્રાકૃત ગાથાઓ

जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।
देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा ॥ १ ॥

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ २ ॥

तिक्काले चदुपाणा इंदियबलमाउ आणपाणो य ।
ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स ॥ ३ ॥

उपओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा ।
चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं ॥ ४ ॥

णाणं अट्ठवियप्पं मदि-सुद-ओही अणाण-णाणाणि ।
मणपज्जयकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ॥ ५ ॥

अट्ठ चदु णाण दंसण सामण्णं जीव-लक्खणं भणियं ।
ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं ॥ ६ ॥

वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्छया जीवे ।
णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो ॥ ७ ॥

पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो ।
चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं ॥ ८ ॥

ववहारा सुह-दुक्खं पुग्गलकम्मप्फलं पभुंजेदि ।
आदा णिच्छयणयदो चेदणभावं खु आदस्स ॥ ९ ॥

अणुगुरु-देह-पमाणो उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा णिच्छयणयदो असंखदेसो वा ॥ १० ॥

पुढवि-जल-तेयवाऊ- वणप्फदी विविहथावरेइंदी ।
विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी ॥ ११ ॥

समणा अमणा णेया पंचेंदिय णिम्मणा परे सव्वे ।
बादर-सुहमेइंदिय सव्वे पज्जत्त इदरा य ॥ १२ ॥

मग्गण-गुणठाणेहिं य चउदसहिं हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी सव्वे सुद्धा दु सुद्धणया ॥ १३ ॥

णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा।
लोयग्गठिदा णिच्चा उप्पादवयेहिं संजुत्ता ॥ १४ ॥

अज्जीवो पुण णेओ पुग्गलधम्मो अधम्म आयासं।
कालो पुग्गल मुत्तो रुवादिगुणो अमुत्ति सेसा दु ॥ १५ ॥

सद्दो बंधो सुहुमो थूलो संठाणभेदतमछाया।
उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया ॥ १६ ॥

गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी।
तोयं जह मच्छाणं अच्छंता णेव सा णेई ॥ १७ ॥

ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी।
छाया जह पहियाणं गच्छंता णेवा सो धरई ॥ १८ ॥

अवगास-दाण-जोग्गं जीवादीणं वियाण आयासं।
जेण्हं लोगागासं अल्लोगागासमिदि दुविहं ॥ १९ ॥

धम्माधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये।
आयासे सो लोगो तत्तो परदो अलोगुत्तो ॥ २० ॥

दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो।
परिणामादीलक्खो वट्टणलक्खो च परमट्ठो ॥ २१ ॥

लोयायासपदेसे एक्केक्के जे ठिया हु एक्किक्का।
रयणाणं रासीमिव ते कालाणु असंखदव्वाणि ॥ २२ ॥

एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं।
उत्तं कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया य ॥ २३ ॥

संति जदो तेणेदे अस्थि त्ति भणंति जिणवरा जम्हा।
काया इव बहुदेसा तम्हा काया य अत्थिकाया य ॥ २४ ॥

होंति असंखा जीवे धम्माधम्मे अणंत आयासे।
मुत्ते तिविह पदेसा कालस्सेगो ण तेण सो काओ ॥ २५ ॥

एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि।
बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हू ॥ २६ ॥

जावदियं आयासं अविभागीपुग्गलाणुवट्टद्धं।
तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं ॥ २७ ॥

आसव बंधण संवर णिज्जर मोक्खा सपुण्णपावा जे।
जीवाजीवविसेसा ते वि समासेण पभणामो ॥ २८ ॥

आसवदि जण कम्मं परिणामेणप्पणो स विण्णेओ ।
भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि ॥ २९ ॥

मिच्छत्ताविरदिपमादजोगकोधादओऽथ विण्णेया ।
पण पण पणदस तिय चदु कमसो भेदा दु पुव्वस्स ॥ ३० ॥

णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि ।
दव्वासवो स णेयो अणेयभेओ जिणक्खादो ॥ ३१ ॥

बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो ।
कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो ॥ ३२ ॥

पयडिट्ठिदि अणुभागप्पदेसभेदादु चदुविधो बंधो ।
जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति ॥ ३३ ॥

चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेऊ ।
सो भावसंवरो खलु दव्वासवरोहणे अण्णो ॥ ३४ ॥

वदसमिदीगुत्तीओ धम्माणुपेहा परीसहजओ य ।
चारित्तं बहुभेया णायव्वा भावसंवरविसेसा ॥ ३५ ॥

जह कालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण ।
भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरा दुविहा ॥ ३६ ॥

सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो ।
णेओ स भावमुक्खो दव्वविमोक्खो य सम्मपुहभावो ॥ ३७ ॥

सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा ।
सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च ॥ ३८ ॥

सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे ।
ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा ॥ ३९ ॥

रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि ।
तम्हा तत्तियमइउ होदि हु मोक्खस्स कारणं आदा ॥ ४० ॥

जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु ।
दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जम्हि ॥ ४१ ॥

संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स ।
गहणं सम्मंणाणं सायारमणेयभेयं तु ॥ ४२ ॥

जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समए ॥ ४३ ॥

दंसणपुव्वं णाणं छदुमत्थाणं ण दोण्णि उवओगा।
जुगवं जम्हा केवलि-णाहे जुगवं तु ते दो वि ॥ ४४ ॥

असुदाहो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं।
वदसमिदिगुत्तिरूवं ववहारणया दु जिणभणियं ॥ ४५ ॥

बहिरब्भंतर किरियारोहो भवकारणप्पणासट्ठं।
णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं ॥ ४६ ॥

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।
तम्हा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥ ४७ ॥

मा मुज्झह मा रज्जह मा दूसह इट्ठणिट्ठअट्ठेसु।
थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ॥ ४८ ॥

पणतीससोलछप्पणचदुदुगमेगं च जवह झाएह।
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण ॥ ४९ ॥

णट्ठचदुघाइकम्मो दंसण-सुह-णाण-वीरिय-मइओ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ॥ ५० ॥

णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा।
पुरिसायारो अप्पा सिद्धो झाएह लोय-सिहरत्थो ॥ ५१ ॥

दंसण-णाण-पहाणे वीरियचारित्तवरतवायारे।
अप्पं परं च जुंजइ सो आइरिओ मुणी झेओ ॥ ५२ ॥

जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवएसणे णिरदो।
सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥ ५३ ॥

दंसण-णाण-समग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं।
साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ॥ ५४ ॥

जं किं चि वि चिंततो णिरीहवित्ती हवे जदा साहू।
लद्धूण य एयत्तं तदाहु तं तस्स णिच्छयं झाणं ॥ ५५ ॥

मा चिट्ठह मा जंपह मा चिंतह किंचि जेण होइ थिरो।
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे झाणं ॥ ५६ ॥

तव सुद वदवं चेदा झाण रह धुरंधरो हवे जम्हा।
तम्हा तत्तिय णिरदा तल्लद्धीए सदा होह ॥ ५७ ॥

दव्वसगहमिणं मुणिणाहा दोस-संचय-चुदा सुद-पुण्णा।
सोधयंतु तणु-सुत्त-धरेण णेमिचंदमुणिणा भणियं जं ॥ ५८ ॥